Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ

## પુસ્તક ૩૧ મું.

**शार्दूलविक्रिडितम्.**

पूजामाचरतां जगत्रयपतेः संघार्चनं कुर्वतां ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपाकृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

"જે પુણ્યાત્માઓના દિવસો ત્રિજગતપતિ જિનેશ્વરની પૂજા કરતાં, સંઘનું સેવન કરતાં, તીર્થોનું વંદન કરતાં, જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપસ્યા તપતાં અને પ્રાણીઓપર અનુકંપા કરતાં વ્યતીત થાય છે તેમનો જન્મ સફળ છે."

સંવત ૧૯૭૧ ના ચૈત્રથી સંવત ૧૯૭૨ ના ફાગણ સુધીના અંક ૧૨

પ્રગટ કર્તા

**શ્રી જૈનધર્મ પ્રસારક સભા.**
**ભાવનગર.**

વીર સંવત ૨૪૪૧-૪૨ વિક્રમ સંવત ૧૯૭૧-૭૨
શાકે ૧૮૩૭ અને ૧૯૧૫-૧૬

શ્રી 'સરસ્વતી' પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧)
બહારગામવાળાને ભેટની બુકના પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુખપૃષ્ઠપરના ઉપમિતિભવપ્રપંચના વાક્યનું ટુંકું વિવેચન.

ભવ્ય જીવની યોગ્યતા જોઇને જ્યારે તેને ઉત્તમ મુનિરાજ તેની યોગ્યતાનુસાર ઉપદેશ આપે છે, ત્યારે તે જીવો પોતાના હિતને સમજનારા હોવાથી હજુ તે કે પોતે સમ્યકત્વ પામ્યા નથી તો પણ ઉપદેશદાતા મુનીશ્વરનો પોતા પ્રત્યે વાત્સલ્યભાવ છે એમ પોતાના મનમાં નિશ્ચય સમજે છે, તેમનામાં જ્ઞાન અત્યંત અધિક અને નિર્મળ વર્તે છે એમ તેના હૃદયમાં ખાત્રી થાય છે. એટલે પોતાની ઉપર થયેલી તેમના ઉપદેશની દૃઢ અસરને લીધે શુભવાસના વિશેષ પ્રગટવાથી ધન મેળવવા સંબંધી જે અત્યંત આસક્તિ આજ સુધી હતી તેને ત્યજી દે છે, ઇંદ્રિયોના વિષયની આસક્તિ પણ મંદ થાય છે, એટલે પછી ગુરૂ ઉપર પ્રીતિ વધવાથી અને અવકાશ વિશેષ મળવાથી ગુરૂમહારાજ પાસે જઈને વિશેષ ધર્મની પૃચ્છા કરે છે. ગૃહસ્થનો સામાન્ય ધર્મ તો તેણે આજ સુધી અંગીકાર કરેલોજ હતો તેથી માર્ગાનુસારી તો થયા હતા, હવે સમકિત પ્રાપ્તિની સન્મુખ થવાથી શ્રાવકધર્મ તેમજ સાધુધર્મને તે ઇચ્છે છે. પોતે આ પૃચ્છા શિષ્યભાવથીજ કરે છે એવી ગુરૂને ખાત્રી કરી આપે છે, પોતાના વડિલ માતા પિતાદિ પ્રત્યે પણ વિનયવાન્ થાય છે, તેથી તેની યોગ્યતા જોઇને ગુરૂ મહારાજ તેનાપર પ્રસન્ન થાય એ સ્વાભાવિકજ છે. પછી એવી રીતે પ્રસન્ન થયેલા ગુરૂ તેને શ્રાવકધર્મ અને સાધુધર્મ બંને યથાર્થ સમજાવે છે. તે સાથે તે બંને પ્રકારના ધર્મ પ્રાપ્ત કેવી રીતે થાય તેના ઉપાય પણ બહુ સારી રીતે સમજાવે છે. (આ હકીકત અગાઉના વર્ષોમાં આવેલા મુખપૃષ્ટપરના વાક્યમાં આવી ગયેલ છે તે વાંચી જોવી.) પછી તે ઉપાયો તેની પાસે ઘણી ઉલટથી અંગીકાર કરાવે છે અને તે ઉપાયોના સમ્યગ્ આરાધનથી અવશ્ય તે ભવ્ય જીવને ક્રમે ક્રમે શ્રાવકધર્મની અને સાધુધર્મની પ્રાપ્તિ થાય છે. અને તે બંને પ્રકારના ધર્મના સમ્યગ્ આરાધનથી તે પરિણામે મુક્તિસંપદાને પામે છે. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तक २१ मानी वार्षिक अनुक्रमणिका.


१. પદ્યાત્મક લેખો. (૨૪)

૧. પ્રભુને કલ્યાણ પ્રાર્થના–આશીષ ઉદ્‌ગાર. (ન. હા. શાસ્ત્રી) ૧
૨. પિંડસ્થ ધ્યાનગર્ભિત શ્રી સુમતિજિન સ્તવન. (પ્રાચીન) ૨
૩. પદસ્થ ધ્યાનગર્ભિત શ્રી પદ્મપ્રભજિન સ્તવન. ,, ૩૩
૪. રૂપસ્થ ધ્યાનગર્ભિત શ્રી સુપાર્શ્વજિન સ્તવન ,, ૩૪
૫. રૂપાતીત ધ્યાનગર્ભિત શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન. ,, ૭૩
૬. વિનય પ્રબોધક અષ્ટક. (દુર્લભજી ગુ. મહેતા). ૧૦૫
૭. આત્મોપદેશક પ્રસ્તાવિક દુહા. (કવિ સાંકળચંદ) ૧૦૬
૮. સ્ત્રી વિષે મનહર. (પ્રેમચંદ) ૧૨૫
૯. મહાવીર દેવની અપૂર્વ કરૂણા. (કવિ સાંકળચંદ). ૧૩૭
૧૦. અંત અવસરની આરાધના. (ચોપાઇ ૪૦) ,, ૧૬૧
૧૧. અયોગ્ય આચરણ તજવા વિષે (દુર્લભજી ગુ. મહેતા) ૧૯૭
૧૨. સંસાર વિષે સવૈયો. (કવિ સાંકળચંદ). ૧૯૮
૧૩. વૈરાગ્ય પ્રબોધક અષ્ટક. (દુર્લભજી ગુ. મહેતા). ૨૩૭
૧૪. સંતોષ અને લોભ (કુંડળીયા). (દિલખુશ). ૨૩૮
૧૫. મુક્તિવધૂને મનાવવા ભવ્ય જીવનો પ્રયત્ન.(રત્નસિંહ દુમરાકર). ૨૬૯
૧૬. જૈનોનો પ્રાચીન અર્વાચીન સમય. (કવિ-સાંકળચંદ). ૨૭૦
૧૭. મનમર્કટને ઉપાલંભ. (રત્નસિંહ દુમરાકર) ૩૦૧
૧૮. અભિષ્ટ–યાચના. ,, ૩૦૨
૧૯. અંતર–બાગ વિવેક–માળી. ,, ૩૩૩
૨૦. એવા વીર કયાં છે? ,, ૩૩૪
૨૧. મનોમંદિરમાં પધારવા શ્રી વીરને વિજ્ઞપ્તિ. (રત્નસિંહ દુમરાકર). ૩૬
૨૨. આત્મ ઉપદેશ. (અમીચંદ કરશનજી). ૩૬૫
૨૩. ચંદરાજાએ ગુણાવળીપર લખેલ કાગળ. (દીપ કવિ). ૩૮૯
૨૪. ગુણાવળીએ ચંદરાજાપર લખેલ કાગળ. ,, ૩૯૦

૨. કથાનુયોગના લેખો. (૩)

૧. કુમારપાળ ભૂપાળ પ્રબંધ. (ઉપદેશ કલ્પવલ્લી). ૫૮
૨. ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર ૭૮-૧૧૨-૨૦૬-૨૪૩-૩૫-૨૩૮
૩. શ્રીગુપ્તકથા. ૧૫

૩. સંવાદ સુંદરાંતર્ગત સંવાદ. (૭)

૧. લક્ષ્મી સરસ્વતી સંવાદ. ૩૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. ગુંજા સુવર્ણ સંવાદ. ૩૨૬
૩. દારિદ્રય પદ્મા સંવાદ. ૩૨૭
૪. લોક લક્ષ્મી સંવાદ. ૩૬૦
૫. સપુત્રા સિંહણ હાથણી સંવાદ. ૩૬૨
૬. ગોધૂમ ચણક સંવાદ. ૩૭૪
૭. પાંચ ઇંદ્રિયોનો સંવાદ. ૩૭૬

૪. ધાર્મિક લેખો ( ૧૩ )

૧. જ્ઞાનસાર સૂત્ર વીવરણ ( મુનિ કર્પૂરવિજયજી તથા તંત્રી )
ધ્યાનાષ્ટક ( ૩૦ ) ૧૩૮
તપોઽષ્ટક. ( ૩૧ ) ૧૬૪
સર્વ નયાશ્રય અષ્ટક. ( ૩૨ ) ૧૯૯
ઉપસંહાર. ૨૩૯
૨. આવશ્યકક્રિયાનું ઉચ્ચ રહસ્ય ( મુ. ક. વિ. ) ૧૪
૩. દાનધર્મ ,, ૩૦૨
૪. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર આશ્રી સમજ.,, ૩૦૫
૫. પ્રમાદાચરણ. ,, ૩૦૭
૬. અહિંસા પરમો ધર્મઃ ( નેમચંદ ગીરધરલાલ ) ૨૮૫–૩૧૮
૭. આવશ્યકના સૂત્રો સંબંધી પ્રશ્નોત્તર ( તંત્રી ) ૨૬૪
૮. ષડાવશ્યક વિચાર ગર્ભિત સ્તવન સાર્થ. ( મુ. ક. વિ. ) ૩૧૭
૯. સામાયિક આવશ્યક. ( ઢાળ સાથે. ) ,, ૩૧૮
૧૦. શુદ્ધ દેવગુરૂની ઓળખાણ કરવા સંબંધી બે બોલ ,, ૩૧૯
૧૧. સાધુ મર્યાદાપટ્ટક ( શ્રી વિજયદેવસૂરિ. ) ૨૭૮
૧૨. ,, ( શ્રી વિજયસિંહસૂરિ ) ૨૮૨
૧૩. ભક્તિ મિષે થતી આશાતનાઓ. ( તંત્રી ) ૩૯૦

૫. નૈતિક લેખો. ( ૨૨ )

૧. સુક્તમુક્તાવળી. ( મુનિ-કર્પૂરવિજયજી )
પ્રતિજ્ઞાપાલન. ( ૯ ) ૩૪
ઉપશમ ( ૧૦ ) ૩૭
ત્રિકરણશુદ્ધિ ( ૧૧ ) ૭૪
ઉત્તમ કુળ ( ૧૨ ) ૭૬
વિનય. ( ૧૩ ) ૭૭
૨. શત્રુનો અનુનય ( નવમ સૌજન્ય ) મૌક્તિક. ૫૭–૮૭–૧૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩. સ્વગુણ પ્રચ્છાદન ( દશમ સૌજન્ય ) મૌક્તિક. १४४-१७२

૪. કીર્ત્તિપાલન ( એકાદશ સૌજન્ય ) ,, २१५-२५४

૫. કેળવણી પ્રત્યે માબાપની ફરજ. ( નરોતમ બી. શાહ ) ९५

૬. સજ્જન મહાશયોને પ્રકૃતિવિકાર થતો નથી. ( મુ. ક. વિ. ) १०७

૭. સદ્ગુણ પ્રાપ્ત કરવા માટે કરવા યોગ્ય પ્રયત્ન. ,, १०८

૮. શાસ્ત્ર ઉપદેશ યાને હિતશિક્ષા. ,, १०९

૯. શાસ્ત્ર બોધ. ,, ११०

૧૦. સાદી શિખામણ. ( તંત્રી ) १५८

૧૧. જગતમાં ખરા ઉપયોગી આભરણો. ( મુ. ક. વિ. ) १४२

૧૨. ન્યાયવૃત્તિ. ( વકીલ નંદલાલ લલુભાઈ ) १८१

૧૩. સત્પુરૂષોના શુભ લક્ષણ ( મુ. ક. વિ. ) २०४

૧૪. સદ્બોધ વચનમાળા ( સવચંદ દામોદરદાસ ) ३०८

૧૫. સત્ય ને જિજ્ઞાસુનો શાસ્ત્રસંવાદ. ( મુ. ક. વિ. ) ३३५

૧૬. સત્ય ને જિજ્ઞાસુનો ધર્મસંવાદ. ,, ३३६

૧૭. શાંતિ ને સુમતિનો હિતસંવાદ. ,, ३३७

૧૮. સુમતિ ને સુશીલનો તાત્વિકસંવાદ. ,, ३३८

૧૯. સદ્ગુણી સ્ત્રી. ( વકીલ નંદલાલ લલુભાઇ ) ३३९

૨૦. સદ્બોધ–ચેતી શકાય તો ચેત. ( મુ. ક. વિ. ) ३७०

૨૧. નરપતિ પ્રમુખને હિતબોધ. ,, ३७१

૨૨. સદુપદેશ—આપણી ઉન્નતિનાં સત્સાધન. ,, ३७२

**૬. ઉપદેશાત્મક લેખો. ( ૧૦ )**

૧. જૈનધર્મ સંબંધી સમજ મેળવવા બોધવચન. ( મુ. ક. વિ. ) ८

૨. જૈનભાઈ બ્હેનોએ પાળવા યોગ્ય નિયમો. ,, १०

૩. અમર થવાની તીવ્ર ઇચ્છા. ( તંત્રી ) ४५

૪. મન સ્થિર કેમ થાય ? ( દુર્લભદાસ કાળીદાસ ) ९८-१२६

૫. પર્યુષણાદિ પર્વોમાં થતા જીવદયા સંબંધી વિચાર. ( મુ. ક. વિ. ) १७०

૬. વિષયભોગના પાસમાંથી કોણ બચી શકે ? ,, २७१

૭. ચેતી શકે તો ચેત–કાળ ઝપાટા દેત. ,, २७२

૮. વૈરાગ્ય જનક બોધવચન. ,, २७३

૯. પવિત્ર ધર્મનો પ્રભાવ. ,, २७४

૧૦. પાપસ્થાનકો સંબંધી ઉપદેશ. ,, २७५

**૭. આરોગ્યતા ઉત્તેજક લેખો. ( ૨ )**

૧. ઉત્તમતા ને આરોગ્યતા પ્રાપ્ત્યર્થે નિયમો. (નેમચંદ ગીરધરલાલ) २६५


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨. જૈનધર્મની કેટલીક પ્રવૃત્તિઓને તંદુરસ્તી સાથે ગાઢ સંબંધ. (તંત્રી) ૩૧૦

૮. સામાજિક લેખો. ( ૬ )
૧. જૈનશાળાના કાર્યવાહકોને સૂચના. ( મુ. ક. વિ. ). ૧૨
૨. જૈનશ્વેતાંબર કોન્ફરન્સના નવમા અધિવેશન વિષે. ૨૪
૩. જૈન આગમોદય સમિતિ. ૩૨
૪. શ્રીમહાવીર જૈન વિદ્યાલય. ૧૬૦
૫. જૈન આગમોદય સમિતિની સ્થાપના. ૨૧૩
૬. જૈનશાળા શિક્ષણક્રમ. ( જૈનશ્રેયસ્કર મંડળ ) ૩૩૦

૯. પ્રકીર્ણ લેખો. ( ૭ )
૧. નવું વર્ષ. ( તંત્રી ) ૩
૨. ભદ્રેશ્વર. ( મુ. ક. વિ. ) ૭
૩. હું પોતે ( વકીલ નંદલાલ લલ્લુભાઈ ) ૪૦
૪. કચ્છના જૈન સંપ્રદાય સંબંધી સામાન્ય અનુભવ (મુ. ક. વિ. ) ૧૧૧
૫. પુરાણી વસ્તુઓની શોધખોળને જૈનોની ફરજ. (ઇંગ્રેજી ઉપરથી ) ૨૨૫
૬. ખમતખામણાના પત્રો. ૨૩૨
૭. અનાથ વિધવાઓ માટે અપીલ. ( બાઇ વાલી વીરચંદ ) ૩૯૬

૧૦. સ્વીકાર અને અવલોકન. ( ૬ )
૧. શ્રી મહાવીર સચીત્ર અંક ( પૂર્વાર્દ્ધ ) ૬૭
૨. એક નિષ્પક્ષપાત અભિપ્રાય. ( જૈનદૃષ્ટિએ યોગ વિષે ). ૧૩૧
૩. શ્રી મહાવીર અંક ( ઉત્તરાર્દ્ધ ) ૧૮૬
૪. ગ્રંથાવલોકન. ( શ્રી યુગાદિદેશના ) ૨૬૭
૫. પહોચ ને અવલોકન ( મૃગાંકલેખા ) ૨૯૯
૬. અજારાદિ પંચતીર્થીના રીપોર્ટનું અવલોકન. ૩૦૦

૧૧. વર્તમાન સમાચાર ( ૩ )
૧. ભાવનગર જૈનવિદ્યાશાળા–કન્યાશાળા–ધ્રાંગધરા સંઘના સમાચાર. ૩૦
૨. શેઠ દેવકરણ મુળજીને માનપત્ર આપવાનો ભાવનગરમાં મેળાવડો. ૧૩૩
૩. સમેતશિખર યાત્રાની સગવડ. ૩૦૦

૧૨. ખેદકારક મૃત્યુની નોંધ. ( ૪ )
૧. શેઠ હેમચંદ અમરચંદ અંક ૩ જો મુખપૃષ્ટ
૨. ભાઇ પાનાચંદ ત્રીકમ તથા મણિલાલ મુળચંદ. અંક ૭ મો ,,
૩. ભાઈ મગનલાલ બહેચરદાસ તથા વલભજીભાઇ હીરજી ૩૬૪
૪. ભાઈ જમનાદાસ ડુંગરશી. ૩૮૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या जद्रकजव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां जगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशनावाप्तशुजवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यजावं, रञ्जयति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेज्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन ।- उपमितिजवप्रपंचाकथा.

" આ પ્રમાણે સન્મુનિના વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને ( માતાદિકને ) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો ( બંને પ્રકારનો ) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે-અંગીકાર કરાવે છે. "

પુસ્તક ૩૧ મું. ચૈત્ર. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૭. અંક ૧ લો.

# પ્રભુને કલ્યાણ પ્રાર્થના.

( શાર્દૂલવિક્રીડિત. )

પામીને નિજ પૂર્ણતા રસભરી આનંદના સાગરે,
રહેતા મગ્ન અખંડ આત્મબળની જે ઉર્મિઓને[1] ધરે;
દેખી જે સમદર્શને જગતના જીવો ઉધારે ભવે,
તે આપો અરિહંત સર્વ જનને કલ્યાણ વર્ષે નવે. ૧.
ખીલાવા ભવિ પંકજો[2] જગતમાં સૂર્યપ્રભા જે ધરે,
જીવોમાં અતિ જોરથી પ્રસરતા કર્માધિકારો હરે;
જેને શીર્ષ નમાવતા સુરવરો કલ્યાણ કાવ્યો કવે,[3]
તે આપો અરિહંત સર્વ જનને કલ્યાણ વર્ષે નવે. ૨.

૧. તરંગો. ૨. ભવિજન રૂપી કમળો. ૩. કવિતા રૂપે સ્તવે.

For Private And Personal Use Only

## आशीष्–उद्गार.

( માલિની. )

શુભદ નવીન વર્ષે સર્વ કલ્યાણ સાધો, ત્રિકરણ[1] શુચિતાથી ધર્મમાં નિત્ય વાધો;
પ્રતિદિન મહીમાંહી આર્હતી ભક્તિ ધારો, વિમળ મતિ વિકાશી જ્ઞાનવેગે વધારો. ૧.
હિતકર અધિક હોંશે વાંચવા જૈનવાણી, સકળ નિજ સુધારો સંતતિ ખંત આણી;
ઉત્તમ રસ પ્રસારો જૈનધર્મ પ્રકાશે, અખિલ ઉદયકારી તેથી તત્ત્વો વિકાશે. ૨.

ન. દા. શાસ્ત્રી.

પિંડસ્થ ધ્યાન ગર્ભિત.

# श्री सुमति जिन स्तवन.

(સારા મોહલાં ઉપર મેહ ઝબૂકે વીજળી હો લાલ, ઝબુકે૦ એ રાગ.)

રૂપ અનૂપ નિહાળી, સુમતિ જિન તાહરૂં, હોલાલ, સુમતિ જિ૦
છંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરૂં, હો લાલ; ઠ૦
રૂપ સરૂપ ન હોત જો, તુજ જગ દીસતું, હોલાલ, તુ૦
તો કુણ ઉપર મન, કહો અમ હીસતું, હોલાલ. ક૦ ૧.
હીસ્યા વિણ કેમ શુદ્ધ, સ્વભાવને ઇચ્છતા, હોલાલ, સ્વ૦
ઇચ્છા વિણ કેમ ભાવ, પ્રગટ તુમ પ્રીચ્છતા, હોલાલ; પ્ર૦
પ્રીચ્છ્યા વિણ કેમ ધ્યાન, દશામાંહિ લાવતા, હોલાલ, દ૦
લાવ્યા વિણ રસ સ્વાદ, કહો કેમ પાવતા, હોલાલ. ક૦ ૨.
ભક્તિ વિના નવિ મુક્તિ, હોવે કોઇ ભકતને, હોલાલ, હો૦
રૂપ વિના તે કેમ, હોયે કોઇ વ્યકિતને, હોલાલ; હો૦
ન્હવણ વિલેપન માળ, પ્રદીપ ને ધૂપણાં, હોલાલ, પ્ર૦
નવ નવ ભૂષણ ભાલ, તિલક શિર ખૂપણાં, હોલાલ. તિ૦ ૩
અમ[2] રિત પુન્ય ઉદયથકી, આપ રૂપી થયા, હોલાલ, આ૦
અમૃત સમાણી વાણી, ધર્મની કહી ગયા, હોલાલ; ધ૦
મોહ અંધારે જીવ, ઘણાએક બુઝિયા, હોલાલ, ઘ૦
ભાવીભાવને જોર, અમે પણ રીઝિયા, હોલાલ. અ૦ ૪
તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો, હોલાલ, ઘ૦
સેવ્યો ધ્યાયો હોય, મહા ભય વારણો, હોલાલ; મ૦
શાન્તિવિજય બુદ્ધ શિષ્ય, કહે ભવિકા જના, હોલાલ, ક૦
પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઇ ઇકમના[3], હોલાલ. ક૦ ૫

---

૧. મન, વચન અને કાયાની શુદ્ધિથી. ૨ ઉજ્વળ—શુભ. ૩ એકાગ્ર થઇને.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવું વર્ષ.

શ્રી પંચ પરમેષ્ટિને ત્રિકરણ શુદ્ધે નમસ્કાર કરી કરાવીને મારા ઉત્પાદક મને ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરાવે છે. મારી વય દિનપરદિન વૃદ્ધિ પામતી જાય છે. તેના પ્રમાણમાં હું લેખની સંખ્યામાં તેમજ પૃષ્ઠાદિ પ્રમાણમાં પણ વૃદ્ધિ પામું છું. ગત વર્ષમાં ૫૧ ફારમનો લાભ મારા વાંચકોને મારા તરફથી મળે છે. લેખોની સંખ્યા એકંદર ૧૧૦ ની થયેલ છે, જેની અનુક્રમણિકા આ વર્ષે નવીન ઢબને અનુસરીને વિષયપરત્વે આપવામાં આવી છે. તેની અંદર પદ્ય લેખો ૨૩ ને ગદ્ય લેખો ૮૭ છે. ગદ્યની અંદર મૃત્યુની ખેદકારક નોંધો ૮ છે તેને પણ ગણવામાં આવેલ છે; તેમાં **શેઠ રતનજી વીરજી**ના ખેદકારક મૃત્યુની નોંધ બે અંકમાં લેવામાં આવી છે, તે વાંચી અનુકરણ કરવા યોગ્ય છે. એ નોંધોને બાદ કરતાં બાકીના લેખોની લેખક પરત્વે ગણના બતાવી તેના ઉપયોગી પણા વિષે કાંઇક સૂચન કરવું આ પ્રસંગે યોગ્ય જણાય છે.

પદ્યબંધ ૨૩ લેખોમાં ૯ લેખો તો પ્રખ્યાત **કવી સાંકળચંદ**ના છે. તેમાં ૭ સાત વ્યસન સંબંધી છે, તેની કવિતા બહુ અસરકારક આવે છે. તેમણે લખેલ અભણ ને ભણેલી સ્ત્રીઓનો સંવાદ ખાસ વાંચવા યોગ્ય છે. બીજા ૩ લેખ વળા નિવાસી **મેતા. દુર્લભજી ગુલાબચંદ**ના છે. તેઓ પણ દિનપરદિન પદ્ય લેખ લખવાનો ઉત્સાહ વધારે ધરાવે છે અને કૃતિમાં સુધારો કરતા જાય છે. ૮ પ્રાચીન પદો વિગેરે કે જે બહુજ અસરકારક છે તે કાંઇક વિવેચન સાથે આપવામાં આવેલ છે. તેમાં શ્રાવકની કરણીની સઝાયનું વિવેચન તો વિસ્તારથી જુદા લેખ તરીકે મુનિ કર્પૂરવિજયજીએ આપેલ છે. આમાંના પદો ખાસ કંઠે કરી રાખવા લાયક છે. ૧ નવા વર્ષના પ્રારંભમાં આપેલ સંસ્કૃત મંગળાચરણ છે. અને **કુંવરજી ગોકળજી**નો ને ૧ **પોપટલાલ પુંજાભાઇ**નો લખેલ પદ્ય લેખ છે. એ પ્રમાણે ૨૩ ની સંખ્યા પૂર્ણ થાય છે.

ગદ્યબંધ ૭૯ લેખોમાં મોટો ભાગ **મુનિરાજશ્રી કર્પૂરવિજયજી** અને **તંત્રી**નો છે. મુનિ કર્પૂરવિજયજીના લખેલા ૨૭ લેખો છે. તેમાં ૩ પાપસ્થાનક ૧૬-૧૭-૧૮ મા ઉપરની શ્રીમદ્યશોવિજયજી કૃત સઝાયોના અર્થ લખી બંધી છે. તેનાપર વિવેચન તંત્રીએ લખેલ છે. ૧૧ લેખ જ્ઞાનસાર સૂત્રવિવરણ મથાળાના ૧૯ માથી ૨૯ મા અષ્ટક સુધીના છે, તેની ઉપરનો અર્થ મહારાજનો લખેલો છે. મૂળના કર્ત્તા શ્રીમદ્યશોવિજયજી છે અને વિવેચન ૧૦ અષ્ટક ઉપર તંત્રીએ અને ૧ ઉપર મૌક્તિકે લખેલ છે. ૨ લેખ સુક્ત મુક્તાવળી સંબંધી છે, તેની અંદર સુક્તમુક્તાવળીમાં આવેલા ૪ વર્ગો પૈકી ધર્મવર્ગમાંથી ...

For Private And Personal Use Only

સના ૮ વિષય ઉપરના શ્રીકેશરવિમળ મુનિના રચેલા માલિનિ લઇને તે ઉપર વિવેચન ગત વર્ષમાં લખ્યું હતું. આ વર્ષે ૯ મા ને ૧૦ મા વિષયપરના માલિનિ છંદો લઇને તે ઉપર વિવેચન લખેલું છે. તે શિવાય બીજા ૧૧ લેખો છુટા છુટા લેખના આવેલા છે તે અનુક્રમણિકામાં જણાવેલા હોવાથી અહીં પુનરાવર્તન કરવામાં આવતું નથી. આ બધા લેખો ખાસ ઉપદેશક છે. શ્રાવકની કરણી બતાવનાર સઝાયના અર્થવાળો લેખ શ્રાવકવર્ગ માટે ખાસ ઉપયોગી છે. આ સઝાય હાલમાં અપ્રસિદ્ધ જેવી થઇ ગઇ હતી તે પ્રસિદ્ધ કરીને શ્રાવકવર્ગને પોતાની કરણીમાં જાગ્રત થવા પ્રેરણા કરી છે. ઉત્તમ લેખો લખીને તેનો લાભ સમુદાયને આપવાની વૃત્તિ મુનિરાજશ્રી કર્પૂરવિજયજીની સદા જાગૃત રહે છે. અનેરા માસિકાદિમાં પણ તેમના લેખો પ્રકટ થયાજ કરે છે.

તંત્રીના લખેલા ખાસ (૧૭) લેખો છે. તેની અંદર ચંદરાજાના રાસ ઉપરથી નીકળતા સારવાળો લેખ પાંચ અંકમાં આવેલ છે. આ લેખે વાંચકોના દિલનું સારૂં આકર્ષણ કર્યું છે. એક લેખ જોધપુરમાં મળેલા જૈન સાહિત્ય સંમેલનમાં વાંચેલો તે અત્ર પ્રકટ કર્યો છે, એક લેખ કોન્ફરન્સ હેરલ્ડના મહાવીર અંકમાં આપેલો તે આ માસિકના વાંચકો માટે પ્રકટ કર્યો છે. બીજા લેખો પણ ખાસ ઉપયોગી છે. આવા ખાસ લેખો ઉપરાંત સામાજિક લેખોના અને વર્તમાન સમાચારના પેટામાં, તીર્થ વર્ણનમાં અને સ્વીકાર તથા અવલોકનમાં આવેલા ઘણા લેખો તંત્રીનાજ છે. જૈન સાહિત્ય સંમેલન, જૈન કોન્ફરન્સનું ૧૫મું અધિવેશન, ભાવનગરમાં થયેલા મહોત્સવો ઇત્યાદિ અનેક બાબતો ખાસ નોંધ કરી રાખવા લાયક તેમાં દાખલ કરી છે. આગળ ઉપર અનેક પ્રસંગે તે બહુજ ઉપયોગી થઇ પડે છે. આગમ પ્રકાશન કાર્યને અંગે તત્ત્વાર્થાધિગમનાં અવલોકનવાળો લેખ પણ અંકમાં આપેલો છે. ઉપર બતાવેલા ( ૧૭ ) ઉપરાંત આવા (૮) ઉપયોગી લેખો પણ તંત્રીના છે. બાકી જીવદયા જ્ઞાન પ્રસારક મંડળ તરફથી છપાઇ લખાઇ આવેલા બે ત્રણ લેખો છે.

છ લેખો **શ્રીવાસુપુજ્ય ચરિત્ર**માંથી બાર વ્રત પૈકી બાકી રહેલા પાછળના છ વ્રત ઉપરની કથાઓના ભાષાંતરના છે. આ કથાઓ રસીક, ઉપદેશક અને અસરકારક હોવાથી તેનું ભાષાંતર કરાવી કથારસીક વાંચકોને તેનો લાભ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત (૧૮) લેખો જુદા જુદા લેખકોએ લખી મોકલેલા પ્રકટ કરવામાં આવ્યા છે. તેમાં ( ૨ ) લેખ **મૈક્તિક**ના લખેલા સાતમા ને આઠમા સૌજન્ય ઉપરના છે. સત્સંગરૂપ સપ્તમ સૌજન્ય ઉપરનો લેખ ખાસ વાંચવા લાયક છે. તે લંબાણથી લખાએલો હોવાથી બે અંકમાં આપવામાં આવ્યો છે. (૫)

લેખો **નેમચંદ ગીરધરલાલ**ના લખેલા જૂદા જૂદા વિષય પરત્વેના છે. તેમાં ઘણે ભાગે ઇંગ્લિશનું ભાષાંતર કરી સારી ઢબમાં મુકી આપણા વર્ગને તે વિદ્વાનોની વિદ્વત્તાનો લાભ આપવા પ્રયાસ કરેલો છે. **વકીલ નંદલાલ લલુભાઈ** વડોદરાવાળાએ લખેલા બે લેખ પણ ઉપયોગી છે. જૈનયાચક **ગીરધર હેમચંદે** લખી મોકલેલ અન્યમતિના શિલ્પશાસ્ત્રના શ્લોકોવાળો લેખ અર્થસહિત દાખલ કર્યો છે. તે જિનપ્રતિમાની પ્રાચીનતા ને ઉત્તમતા સાબીત કરવામાં મજબૂત પુરાવાભૂત છે. ઉપમિતિ ભવપ્રપંચા કથાની ઇંગ્રેજી પ્રસ્તાવનાનું ભાષાંતર કરીને મોકલેલ લેખ **વકીલ ડાહ્યાભાઈ પ્રેમચંદ**નો તેમના નામ સિવાય પ્રગટ કરવામાં આવેલ છે. ભાવનગર જૈન બોર્ડીંગના બે ઉત્સાહી **બોર્ડરે** લખેલા (૩) લેખ પ્રગટ કરેલા છે. બાકી **માસ્તર દુલભદાસ કાળીદાસ, ડા. રતીલાલ નૌત્તમલાલ, કકેલભાઈ ભુધરભાઈ** અને **એક જિજ્ઞાસુ**ના લખેલા એકેક લેખ પ્રકટ કરેલ છે તે ચારે લેખ ખાસ વાંચવા લાયક છે. આ પ્રમાણે અન્ય લેખકોના લેખ એકંદર (૧૮) દાખલ થયેલા છે.

ગત વર્ષમાં ઉપર પ્રમાણેના લેખોરૂપ શૃંગારોથી મારૂં અંગ મારા ઉત્પાદકો અને સહાયકોએ શોભાવ્યું છે. જગતમાં ખરી શોભા એજ છે. ગમે તેટલા બીજા અલંકારો મનુષ્યે પહેર્યાં હોય પરંતુ જો ઉત્તમ વાણી બોલતાં ન આવડતી હોય તો તે મનુષ્ય પણ શોભતું નથી; તેથીજ નીતિકારોએ **वाग् भूषणं भूषणं** એ શબ્દવડે ખરા ભૂષણને ઓળખાવ્યું છે. મારી શોભા તો એનાવડેજ છે એ વાત દેખીતી છે.

પૃથક્ પૃથક્ લેખકોનો લેખ લખવાનો ઉત્સાહ વૃદ્ધિ પામવાથી તેમના ઉત્સાહને આલંબન આપવા માટે કેટલીક વખત તેમના લેખો સામાન્ય હોવા છતાં પણ દાખલ કરવાની જરૂર ધારી છે.

પ્રસ્તુત નવીન વર્ષ માટે મારા ઉત્પાદકો ને તંત્રી વિગેરેનો ઉત્સાહ નવીન નવીન લેખરૂપ મિષ્ટાન્નની પ્રાસાદી વાંચકોને આપવાનો વર્તે છે. જ્ઞાનસાર અષ્ટક માત્ર ૩ જ બાકી છે તે પૂર્ણ કર્યાબાદ પ્રશમરતિવાળો અપૂર્ણ રહેલો લેખ આગળ ચલાવવામાં આવશે. સુક્તમુક્તાવળી માંહેના બીજા વિષયો લેવામાં આવશે. સન્મિત્ર કર્પૂરવિજયજી અનેક ઉપયોગી વિષયોની પ્રાસાદી ચખાડશે. કથા સંબંધી એકેક લેખ દરેક અંકમાં આપવામાં આવશે. તેને માટે ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર આગળ ચલાવવા ઉપરાંત પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબંધમાંથી અને શ્રીમન્હજિણાણંની સઝાયની ઉપદેશ કલ્પવલ્લી નામની ટીકામાંથી કથાઓ લઈને તેના ભાષાંતરો આપવામાં આવશે. માસિકના લેખોનું અને કેટલીક બુકોનું મધ્યસ્થ દૃષ્ટિએ અવલોકન લખવામાં આવશે. વર્તમાન સમયની નોંધ કરી રાખવા લાયક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હકીકતો આપવામાં આવશે. કોન્ફરન્સના ઉપયોગી મંડળને વધારે પુષ્ટ બનાવી શકાય તેવા ઉપયોગી લેખો લખવામાં આવશે. તે શિવાય મને અલંકૃત કરવાના અભિલાષી લેખકોના હૃદયમાંથી ઉદ્ભવતા વિચારોનું પ્રકટીકરણ કરનારા લેખો જે જે આવશે તે તે પ્રકટ કરવામાં આવશે. પદ્યબંધ લેખોમાં પણ પ્રાચીન અર્વાચીન કવિતાઓનું આસ્વાદન કરાવવામાં આવશે. આ તમામ કાર્યને માટે મારો મુખ્ય આધાર મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી, તંત્રી, મૌક્તિક, નેમચંદ ગીરધરલાલ, દુર્લભદાસ કાળીદાસ, ડાહ્યાભાઈ પ્રેમચંદ, નંદલાલ લલુભાઈ વિગેરે ઉપર છે. તેઓ પોતાની કસાયેલી કલમથી લેખો લખીને મારા અંગને વધારે શોભાવશે એવો મને પરિપૂર્ણ ભરૂસો છે.

હું મારા ઉત્પાદકો, સહાયકો, પોષકો અને હિતચિંતકોનું કાયમને માટે આભારી છું અને તે આભારમાં વૃદ્ધિ થયા કરશે એમ ધારૂં છું. તેનો બદલો હું બીજી રીતે તો આપી શકું તેમ નથી; પરંતુ તેમના ઉત્તમ લેખ વિગેરેનો લાભ મારીદ્વારા અનેક જૈનબંધુઓને મળવાથી તેમના અંતઃકરણ પર જે સારી અસર થશે અને તે અસરને લઈને તેમનો આત્મા નિર્મળ થશે, તેમના વિષય કષાય મંદ પડશે, ધર્મવાસના જાગૃત થશે, ક્રિયાકલાપ કરવા લાગશે, જ્ઞાનાભ્યાસની રૂચી વધશે, દેવગુરૂની ભક્તિમાં વૃદ્ધિ થશે, આત્મસાધનના ખપી થશે, ભવનો ભય લાગશે, સમકિતને પ્રાપ્ત કરશે, કોમની ઉન્નતિ કરશે, દેશમાં નામના કરશે, ભવને પરિમિત કરશે ઈત્યાદિ અનેક લાભો ઉદ્ભવશે. તેરૂપે તેમને જે લાભ પ્રાપ્ત થશે તેજ મારો આપેલો બદલો ગણાશે. તે શિવાય બીજી રીતે બદલો આપવાને હું શકિતમાન નથી.

પરમાત્માની કૃપા શિવાય કોઇ કાર્ય પાર પડતું નથી. પાંચ કારણો અનુકુળ થાય છે, ત્યારેજ કોઇપણ કાર્યની સિદ્ધિ થાય છે. ઉત્સાહી માનુષ્યોજ કોઈ પણ કાર્ય કરવામાં આગળ વધી શકે છે. ઇત્યાદિ હેતુઓને અવલંબીને હું મારાપર પરમાત્માની કૃપા, કારણોની સાનુકૂળતા અને મારા હિતચિંતકોના ઉત્સાહની વૃદ્ધિ ઈચ્છું છું. તે સાથે મારા શુદ્ધ અંતઃકરણથી તેમને ( ઉત્પાદકો, પોષકો, સહાયકો વિગેરેને ) સુખ સંપત્તિમાં વૃદ્ધિ થાઓ, ભવ સંતતીમાં હાની થાઓ, આત્મ ભાવની સ્થિરતા થાઓ અને શુભ ઉત્કંઠામાં ઉત્ક્રાંતિ થાઓ એવો શુભ આશીર્વાદ આપી મારા નવીન વર્ષના કાર્યમાં ઉત્સાહથી પ્રપૂરિત હૃદયે આગળ વધું છું, અને પરમાત્માની કૃપાને સાથે રાખું છું; જેથી મારી ને મારા હિતચિંતકોની ઈચ્છાઓ અવશ્ય ફળીભૂત થશે. **તથાસ્તુ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# भद्रेश्वर.

( લેખક-સન્મિત્ર કપૂરવિજયજી. )

**ભદ્રેશ્વર** એ અત્યારે કચ્છ દેશનું એક સામાન્ય ગામ છે. પ્રથમ આ સ્થળે એક મહાન ભદ્રાવતી નામની નગરી હતી. જેમાં જગડુશા વિગેરે અનેક સમર્થ દ્રવ્યવંત શ્રેષ્ઠીઓ થયેલા છે. તેમાં જગડુશા શ્રેષ્ઠીના ઉદાર ચરિત્રનો આપણને કંઈક પરિચય છે. આ સ્થળે એક મહાન્ દિવ્ય જિન વિહાર ( દેરાસર ) છે અને તે ઘણુંજ પુરાતન વખતનું છે. તે સંબંધી જે એક લેખ દેરાસરમાં નજરે પડે છે તે ઉપરથી મૂળ દેરાસર શ્રી વીરપ્રભુના નિર્વાણ પછી લગભગ ૨૩ વર્ષે થયેલું જણાય છે. તેનો જીર્ણોદ્ધાર ઉક્ત જગડુ શ્રેષ્ઠીએ પુષ્કળ દ્રવ્યનો વ્યય કરીને કરાવ્યો છે. ત્યાર પછી પણ તેમાં અવારનવાર ઘણું રીપેર કામ થયેલું છે. એકંદર ઉક્ત જિનમંદિર એક દિવ્ય વિમાન સમાન લાગે છે. તેમાંના એક કોતરેલા લેખમાં જણાવ્યા મુજબ કચ્છ દેશવર્તી અને વાગડદેશવર્તી અનેક ભાઈ બ્હેનો આ પવિત્ર તીર્થસ્થળની યાત્રાર્થે સંખ્યાબંધ આવે છે. દરેક વર્ષે આવું સંમેલન પ્રથમ તો ફાલ્ગુન શુદ અષ્ટમી ઉપર મળવા નિર્માણ કરાયેલું હતું પણ પછીથી તે તારીખ ફેરવીને ફાલ્ગુન શુદ ૩-૪-૫ એ ત્રણદિવસ હાલ નિર્માણ થયેલા છે. આ મહાન્ ચૈત્યમાં મૂળનાયક શ્રી વીરપ્રભુજી બિરાજમાન છે. તે પહેલાં ઘણો કાળ શ્રી પાર્શ્વપ્રભુ મૂળનાયક તરીકે બિરાજમાન હતા. તે હાલ મૂળ મંદિરની પછવાડેના ભાગમાં બિરાજમાન છે. બંને ભગવાનની મુદ્રા બહુજ દિવ્ય, પ્રભાવિક, અલૌકિક અને આકર્ષક છે. ઉક્ત મુદ્રાઓ ઉપરથી પ્રભુની પૂર્વ અવસ્થાનું બહુ ઊંચું ભાન થઇ શકે છે. જાણે પરમ શાન્ત રસથીજ ઘડાએલ હોય એવી દિવ્ય શાન્તિ પ્રભુની મુખમુદ્રા ઉપર છવાઈ રહેલી દેખાય છે. આ તરફ આ ઉત્તમ ચૈત્ય તેમાં બિરાજમાન આવી અદ્દભુત મુદ્રાઓને લહીને એક ભારે તીર્થરૂપ લેખાય છે. પ્રતિવર્ષે (ફાગણ શુદ ૫ ઉપર) થતા સંમેલનમાં લગભગ પાંચેક હજાર જૈન શ્રાવક શ્રાવિકાઓ ભાગ લે છે. તે ઉપરાંત અવાર નવાર કચ્છ વાગડમાંથી શ્રદ્ધાળુ જૈનો સંઘ સાથે યાત્રાનો લાભ પણ લે છે. આ વર્ષે ઘણો સમુદાય મળ્યો હતો. સાધુ સાધ્વીઓનો પણ ઘણો સમુદાય આવ્યો હતો. ફાગણ શુદ ૪-૫ એ બે દિવસે દેરાસરની બહારના વિશાળ ચોકમાં જાહેર ભાષણો 'સામાજિક સુધારા માટે' અને 'આપણા હિત કર્તવ્ય માટે' આ લેખક તરફથી આપવામાં આવ્યાં હતાં, જેમાં સંખ્યાબંધ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાએ ભાગ લીધો હતો. લેખક ઇચ્છે છે કે જો આવી રીતે દરેક સંમેલન પ્રસંગે સારા સારા જૈનવક્તાઓ જૈન સમાજના હિત માટે કંઇ સેવા કરવા ઇચ્છતા હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને માટે આ ક્ષેત્ર-સ્થાન વિશાળ છે. જૈન મુનિઓએ પણ આ દિશામાં શાન્તિથી હિતોપદેશ આપી કંઈક કરી દેખાડવાની જરૂર છે. લોકો ભદ્રિક-ભોળા અને ઓછા કેળવાયેલા છે તેથી તેમને સહેજે ઉપદેશ લાગવાનો સંભવ છે.

# જૈનધર્મ સંબંધી સાદી સમજ મેળવવા બાબત બોધ વચન.

(લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી)

રાગદ્વેષ અને મોહ આદિ દોષ માત્રને દૂર કરનાર (જીતી લેનાર) જિનેશ્વર **દેવ** છે. તેમણે ભાખેલો જૈન**ધર્મ** છે. **અહિંસા, સંયમ** અને **તપ** એ ધર્મનું લક્ષણ છે. એ પરમ મંગળમય ધર્મની ધુરા ધારણ કરવામાં ધોરીસમાન **સાધુનિગ્રંથો ગુરૂ** ગણાય છે. શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મ ઉપર શ્રદ્ધા, આકીન રાખનાર વિવેકચક્ષુથી સત્ય હિત જોનાર-જાણનાર અને સત્ય હિત કરણી કરનાર **શ્રાવક** કહેવાય છે. સકળ દોષ રહિત જિનેશ્વર દેવે ભાખેલા ધર્મને એક સરખી રીતે અનુસરનારા ભાગ્યશાળી જનો મહાન્ લાભ મેળવે છે. જે આ ભવસમુદ્રથી તારે, પાર ઉતારે અથવા જેનાવડે ભવનો પાર પામીએ તે **તીર્થ** કહેવાય છે. **જંગમ** તીર્થ અને **સ્થાવર** તીર્થ એ રીતે તીર્થ બે પ્રકારનાં છે. જિનેશ્વર દેવની આજ્ઞાને યથાશક્તિ માન્ય કરી ચાલનારા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા એ જંગમ તીર્થ છે, અને શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ અને સમેતશિખર પ્રમુખ સ્થાવર તીર્થ છે. શુદ્ધ ભાવથી તેને ભેટનાર ભવસમુદ્ર તરી શકે છે. એ પવિત્ર તીર્થને ભાવથી ભેટી યથાશક્તિ દાન, શીલ, તપ વિગેરે કરણી કરી લેવી એ દરેક ભવ્યાત્માનું અવશ્ય કર્તવ્ય છે. ત્યાં કંઈક સજ્જનોનો સમાગમ પણ થઈ શકે છે અને તેમના ઉત્તમ ગુણોનું અનુમોદન કરવાથી સજ્જનતા આવે છે, નિંદાદિક દોષનું નિવારણ થાય છે, અને નિર્મળ જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ થાય છે. આવા ઉત્તમ હેતુથીજ સહુ કોઈએ પવિત્ર તીર્થોની ભેટ લેવી જોઈએ. સાધર્મી બંધુઓ અને બ્હેનોનો આદરસત્કાર કરવો તથા સજ્જનોની સંગાતે જ્ઞાન ગોષ્ઠી કરવી અને એ દરેક શુભ પ્રસંગમાંથી કંઈને કંઈ ગુણ ગ્રહણ કરી લેવો તે સહુને ઉચિત છે. હંસની પેરે સાર તત્વનું ગ્રહણ કરી લેવામાંજ બુદ્ધિશાળી મનુષ્યોની ખરી ખુબી છે. યથાશકિત વ્રત નિયમો જ્ઞાની ગુરૂની પાસે સમજી સારી રીતે આદરી લેવા એજ આ દુર્લભ માનવદેહ પામ્યાનું ઉત્તમ ફળ છે. એ રીતે પૂર્વ પુન્યયોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને વાણીનો પણ સદુપયોગ કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથીજ તેની સફળતા છે. સંક્ષેપમાં સહુ સંગાતે મૈત્રી, ગુણીજનો પ્રત્યે પ્રમોદ, દુઃખીજનો પ્રત્યે દયા, અને દોષવંત પ્રત્યે માધ્યસ્થતા રાખવામાંજ આપણું ખરૂં હિત રહેલું છે. એ મુદ્દાની વાત ખૂબ લક્ષમાં રાખી સુલેહ શાન્તિ જાળવો. તોડફોડ તજીને સહુ કોઈને સન્માર્ગમાં જોડો, સહુ કોઇનું શ્રેયજ ઇચ્છશો તો આપણું શ્રેય પણ થશેજ. સુજ્ઞેષુ કિંબહુના! કહ્યું છે કે—

"સહુ મન સુખ વંછે, દુઃખને કો ન વંછે; નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે;
ઈહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે? અતિ આળસ તજીને, ઉદ્યમે ધર્મ કીજે. ૧
ઈહ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે; ધરમ સમય આળે, કાં પ્રમાદે ગમાવે?
ધરમ નવિ કરે જે, આયુ એળે વહાવે; શશિનૃપતિ પરે ત્યું, શોચના અંત પાવે. ૨"

જગતમાં સહુ કોઇ સુખનીજ વાંછના કરે છે, કોઇ પણ દુઃખની વાંછના કરતાં નથી. સહુ જીવોને સુખમય જીવનજ વ્હાલું લાગે છે, પણ એવું સુખ, દયા દાન અને દમ (સંયમ) રૂપ ધર્મ–તે ત્રણ દનું સેવન કર્યા વગર પ્રાપ્ત થતું નથી. એ ઉત્તમ ધર્મ સાધી લેવાની એક અમૂલ્ય તક આ માનવ દેહમાં પામીને પ્રમાદવશ પડી સ્વચ્છંદપણું આદરી હે ભોળા ભાઇ! તું કેમ એળે ગુમાવે છે? પ્રમાદ–મદ, વિષય, કષાય, આળસ અને વિકથા સમાન કોઇ કટ્ટો શત્રુ નથી. એથીજ ત્હારે સંસારચક્રમાં જન્મ મરણના ફેરા કરવા પડે છે. માટે ચેત! જાગ્રત થા! અને આળસ ઉડાડીને યથાશકિત વીર્ય ફોરવી ધર્મસાધના કરી લે! ધર્મ સંબલ (ભાતું) સાથે બાંધી લઈશ તો આગળ સુખી થઈશ. તે વગર પરભવમાં ત્હારો કોઇ ત્રાણ શરણ કે આધાર નથી. માટે જાગ! અને એદીપણું, કાયરપણું તજી દે! એજ ખરો સુખનો માર્ગ છે. જે જે દિવસ અને રાત્રીઓ ધર્મ સાધન વગર ત્હારી ફોગટ જાય છે તેજ દિવસ અને રાત્રીઓ ચીવટથી ધર્મ સાધન કરી લેનાર ભાઇ બ્હેનોની લેખે થાય છે. અત્યારે ખરી તકે લગારેક કષ્ટ સહન કરી લઇને પણ જેઓ ધર્મસાધન કરે છે તેમને ભવિષ્યમાં ભારે સુખ સાંપડે છે અને જે કોઈ દેહ, ધન અને પુત્રાદિ પરીવાર ઉપર ખોટી મમતા રાખી ધર્મસાધનની ખરી તકો ખોઈ નાખે છે તેમને બહુ શોચના સાથે ભવિષ્યમાં ભારે દુઃખ વેઠવું પડે છે. એમ સમજી નિજ હૃદય ચક્ષુ ઉઘાડી ભવિષ્યનો વિચાર કરી જો સવેળા ચેતી કંઇ સબળ ધર્મસાધન કરી લેવામાં આવશે તો પોતાનું ભવિષ્ય સુધરવા પામશે. આજ સહૃદય ભાઇઓ અને બ્હેનોનું મુખ્ય કર્તવ્ય છે. સુજ્ઞ જનોને વધારે શું જણાવવું? દરેક ક્ષણ અને દરેક શ્વાસોશ્વાસને સાર્થક કરી લેનાર ભવ્યાત્માઓ અપરિમિત લાભ બાંધી શકે છે. ઇતિશમ્

For Private And Personal Use Only

# जैन श्रावकभाइ व्हेनोए पाळवा योग्य पवित्र नियमो.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

૧ જૈન ભાઈ વ્હેનોએ ન્યાય નીતિવાળા ગમે તે શુભ વ્યાપારાદિ વ્યવસાયવડે દ્રવ્ય ઉપાર્જન કરી સ્વઆજીવિકા ચલાવવી, સ્વકુટુંબનું પોષણ કરવું, માતપિતાદિની સેવા ભક્તિ કરવી, નમ્રતા રાખવી, કૃતજ્ઞ અને પરોપકારી થવું, તથા લજ્જાળુ, દયાળુ, ગંભીર, સરલ અને નિષ્પક્ષપાતી બનવું યુક્ત છે.

૨ આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું, સ્વસ્થિતિ પ્રમાણેજ સંભાળીને ચાલવું, ઇન્દ્રિયદમન અને કષાયનિગ્રહ કરવા વધારે લક્ષ રાખવું તથા જ્ઞાનીને પગલે પગલે ચાલવું.

૩ સુખ દુઃખ સમયે હર્ષ ખેદ કર્યા વગર સિંહવૃત્તિ ધારવી, શ્વાન જેવા કરકરણ થાવું નહિ.

૪ મદ—નીસો ચઢે એવું કંઇ ખાવું પીવું નહિ. આળસુ—સુસ્ત થઇને બેસી રહેવું નહિ અને નકામી વાતોના તડાકા મારી કે પારકી કુથલી કરી કિંમતી વખત ગુમાવવો નહિ.

૫ શુદ્ધ દેવ અરિહંત, શુદ્ધ ગુરૂ સાધુ નિગ્રંથ, અને શુદ્ધ ધર્મ સર્વજ્ઞભાષિતજ છે એવી દૃઢ શ્રદ્ધા રાખવી અને તેનીજ સેવા ભક્તિ તન મન ધનથી કરવા કાયમ લક્ષ રાખવું.

૬ શુદ્ધ દેવગુરૂની સેવા ભક્તિ ( દર્શન, વંદન, પૂજા, સ્તુતિ, સ્તવનાદિ ) પ્રસંગે શરીર, વસ્ત્ર, મન, ભૂમિ, પૂજોપગરણ, દ્રવ્ય અને વિધિ એ સાત પ્રકારની શુદ્ધિ કરવા—સાચવવા ખાસ લક્ષ રાખવું.

૭ શુદ્ધ દેવગુરૂની સેવા ભક્તિ તેમની પવિત્ર આજ્ઞાનું યથાશક્તિ પાલન કરવાવડેજ સફળ થાય છે એમ સમજી કોઈપણ પ્રકારના કુવ્યસનથી તો સદંતર દૂરજ રહેવું.

૮ માંસ, દારૂ, શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રી અને વેશ્યાગમન એ સાત કુવ્યસનો ઉભય લોકવિરૂદ્ધ હોવાથી અતી નિંદ્ય, અપયશકારી, કલેશકારી અને દુર્ગતિદાયી થાય છે.

૯ જ્ઞાની ગુરૂમહારાજનો જોગ મેળવી તેમની પાસેથી હિતોપદેશ સાંભળી તે હૈયે ધારીને કોઈ જીવને પ્રતિકૂળતા ઉપજે એવું અનિષ્ટ આચરણ કદાપિ નહિ કરતાં જેથી આત્મ કલ્યાણ થાય એવાં સદાચરણજ સેવવા સદાય લક્ષ રાખવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ રાત્રી ભોજન, જમીન કંદ (કંદમૂળ), રિંગણુ વિંગણુ વિગેરે, તુચ્છ અને અજાણ્યા ફળ પ્રમુખ, બોળ અથાણું, વાસી ભોજન, કાચા ગોરસ (દુધ, દહિં કે છાશ) સાથે કઠોળ ભોજન, લગભગ વેળાએ વાળુ, દિવસ ઉગ્યા વગર ખાનપાન—એ સઘળાં વર્જ્ય છે, તેમજ જીવાકુળ વસ્તુ, બગડી ગયેલ (ચળીત રસ) ઘી, દુધ, મેવો, મીઠાઈ વિગેરે પદાર્થ, બે રાત્રી ઉપરાંતનું દહિં, ત્રણ દિવસ ઉપરાંતની છાશ, કાચું મીઠું, ગાળ્યા વગરનું (અળગણુ) પાણી વિગેરે બધું વર્જવા યોગ્ય છે.

૧૧ ફાગણ શુદ ૧૪ પછી કારતક શુદ ૧૪ સુધી ખજુર, ખારેક પ્રમુખ જીવાકુળ મેવો, આર્દ્રા નક્ષત્ર બેઠા પછીની આંબાની કેરી, કાચી અને ભ્રષ્ટ ખાંડ વિગેરે જીવાકુળ વસ્તુમાત્ર ભક્ષણ કરવા યોગ્ય નથી.

૧૨ આખા દિવસમાંથી બે ઘડી જેટલો વખત પણ બચાવીને શાસ્ત્ર અભ્યાસ, શાસ્ત્ર વાંચન, શ્રવણ મનન પ્રમુખ અવશ્ય કરવું અને પાપવૃત્તિ ત્યજી સામાયિક પ્રતિક્રમણ પ્રમુખ કરણી અવશ્ય કરવી.

૧૩ પરનિંદા, ચાડી ચૂગલી, કલેશ કંકાસ અને કુડાં આળ પ્રમુખ દુષ્ટ આચરણથી સદંતર દૂર રહેવું. કુદેવ, કુગુરૂ અને કુધર્મના ફંદમાં કદાપિ પડવું નહિ.

૧૪ વર્ષમાં એકવાર પવિત્ર તિર્થની યાત્રા કરી, સંઘ સ્વધર્મી જનોની સેવા કરી અથવા વિદ્યાદાન પ્રમુખ કોઇ સારૂં પરમાર્થનું કામ કરી સ્વજીવનની સફળતા કરવી.

**" પરહિત કરવા જે, ચિત્ત ઉચ્છાહ ધારે, પરકૃત હિત હિયે, જે ન કાંઈ વિસારે;**
**પ્રતિહિત પરથી જે, તે ન વંછે કદાઇ, પુરૂષ રયણ સોઈ, વંદીએ સો સદાઇ. ૧**
**નિજ દુઃખ ન ગણે જે, પારકું દુઃખ વારે; તેહતણી બલિહારી, જાઇએ કોડીવારે;**
**જિમ વિષભર જેણે, ડંક પીડા સહિને, વિષધર જિન વીરે, બૂઝવ્યો તે વહીને." ૨**

તીર્થંકરો અને ગણધરો વિગેરે આપ્ત પુરૂષો જે આ માનવદેહની દુર્લભતા બતાવે છે તે આવી રીતે યથાશક્તિ ધર્મ આરાધન કરી લેવાના પવિત્ર હેતુથીજ. તે પ્રમાણે વર્તે તેમને તો આ માનવદેહ એક ઉતમ ચિન્તામણિ-રત્ન જેવો અમૂલ્યજ લેખવા યોગ્ય છે. અન્યથા શાસ્ત્રકર કહે છે તેમ ' ધર્મના પ્રભાવે સુખ સંપદા પામ્યા છતાં જે એ ઉપકારી ધર્મનીજ અવગણના—અનાદર કરે છે તે સ્વ સ્વામીદ્રોહી (ધર્મવિરાધક) જીવનું ભવિષ્ય શી રીતે સારૂં થઈ શકશે ? ' નહિજ થઈ શકે. એમ સમજી સુજ્ઞ ભાઈ બ્હેનોએ પવિત્ર ધર્મ આચરણવડે આ માનવજીવનને સફળ કરી લેવા લગારે પ્રમાદ કરવો યુક્ત નથી. પ્રમાદરહિત જે નિજ હિત કરી લે છે તેજ પરહિત પણ કરી શકે છે. ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ (મનઃશુદ્ધિ—પ્રમાણિકતા), નિઃસ્પૃહતા અને બ્રહ્મચર્યરૂપ ઉત્તમ સાધુધર્મની ભાવના દીલમાં રાખીનેજ રૂડું શ્રાવક જીવન ગાળવું જોઇએ. કિંબહુના ! ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनशाळाओमां अभ्यास करतां बाळकोना हित माटे कार्यवाहकोए खास लक्षमां राखी लेवानी बहु अगत्यनी सूचनाओ.

બચપણથી જ બાળકો ઉપર નીતિનાં તેમજ ધર્મનાં સારા સંસ્કાર પડે એવા શુભ હેતુથી જ કોઈ પણ ગામ કે શહેરમાં જૈનશાળા કે કન્યાશાળાદિ કાયમ થવી જોઈએ અને એ શુભ હેતુ કેમ પાર પડે એવી ઊંડી કાળજી શાળાના માસ્તરો, મેનેજરો, પરીક્ષકો, ઈન્સ્પેકટરો અને વીઝીટરોએ વારંવાર રાખવી જોઇએ. દરેક શાળામાં બની શકે તેવો અભ્યાસક્રમ તેના શુભચિન્તકોએ બરાબર નક્કી કરી લઈ તે મુજબ અભ્યાસ કરનારાં બાળકો માટે ધોરણો ગોઠવવાં જોઇએ. દરેક જૈનશાળાદિકમાં અભ્યાસ કરનારા બાળકો તેમજ બાળિકાઓ સભ્યતા રાખતાં શીખે, એક બીજા સાથે પ્રીતિથી હળીમળી રહેતાં શીખે, પોતાનાં માતાપિતાદિ વડીલોની સેવા-ભક્તિ કરતાં શીખે, તથા શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ તરફ તેમનો મનોગત ભાવ દિન દિન વધવા પામે એ વિગેરે એમને જરૂરની ઉપયોગી બાબતો બહુ સારી સમજ સાથે સમજાવવામાં આવે-તેમને ગળે ઉતારવામાં આવે-ગમત સાથે બહુ મીઠાશથી ( હેતથી ) એ એમને શીખવવામાં આવે, તેમજ બહુ સારા દાખલા આપી એના લાભ સમજાવવામાં આવે, તો એમને અવશ્ય લાભ થાયજ અને એ રીતે આપણો શુભ હેતુ પણ પાર પડવા પામે. દરેક જૈનશાળામાં બાળક-બાળિકાઓને આ રીતે કેળવણી આપનાર શિક્ષક પોતે જ સુશિક્ષિત, બહુ સારી ચાલના, સભ્ય, સુશીલ, શ્રદ્ધાળુ, પ્રેમાળ અને ઉંડી લાગણીવાળા હોવા જોઇએ. આવા સારા સુશિક્ષિત શિક્ષકો પાસેથીજ આપણાં બાળકો અને બાળિકાઓને કેળવી જાણવા માટે કંઈ સારી આશા રાખી શકાય. પણ જે શિક્ષકો પોતેજ અશિક્ષિત અથવા અર્ધદગ્ધ જેવા હોઇ, ભણનાર બાળકોને ભણાવવાને બદલે વારંવાર રંજાડે, તેમને મારે કૂટે, ગાળો દે, અને વારંવાર ત્રાસ આપે એવા ઉંટીયા ( ઉટપટાંગ ) શિક્ષકો પાસેથી શી સારી આશા રાખી શકાય ? જે કોઇ શિક્ષક પોતાની પાસે ભણનાર બાળકોને બહુજ માયા-મમતાથી સ્વપુત્ર-પુત્રીવત્ કાળજી રાખી ભણાવે, જડ જેવા છાત્રને પણ કેળવીને હીરા જેવો બનાવે, વિનયવાન્ કરે અને શુભ આચરણ શીખવી તેમાં મજબૂત કરે તેવા ભાગ્યવાન્ શિક્ષકોજ શાળામાંના બાળકોનું કંઈ પણ ભલું કરી શકે.

## જૈનશાળામાં અભ્યાસ કરતાં બાળકોએ પાળવાના નિયમો.

હરહમેશ જૈનશાળામાં નિયમિત વખતે બાળકોએ હાજરી આપવી. અને પોતાના શિક્ષક જે જે હિત શિખામણ આપે તે તેમણે હૃદયે ધારી રાખવી. શિક્ષકની અદબ સાચવીને ચૂપકીથી સહુએ સંપીને બેસવું અને જે પાઠ શિખવે તે લક્ષ રાખીને સાંભળી સમજી લેવો. વારંવાર પોતાના શિક્ષકને નકામી તસ્દી આપવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે નહિ તે માટે શિક્ષકે આપેલો-સમજાવેલો પાઠ બરાબર તૈયાર કરી લાવવો જોઈએ. શાળામાંથી છુટ્યા પછી કંઈપણ મસ્તી કર્યા વગર આપણે ધારેલા મુકામે ચાલ્યા જવું જોઇએ. હરહંમેશ પ્રભાતમાં ઉઠીને સ્થિર મનથી નવકાર મંત્રનો જાપ કરવો. પોતાના માતપિતાદિક વડીલોને નમન કરવું. જિનમંદિરે (દેરાસરે) જઇ જિનેશ્વર ભગવાનના ભાવથી દર્શન કરવાં અને તેમની બાળી-ભોળી પણ સ્તુતિ કરવી. એજ રીતે આપણા ધર્મગુરૂ (સાધુ-મુનિરાજ) ને અને વિદ્યાગુરૂને પણ ભાવથી નમન કરવું અને તેમનો આશીર્વાદ મેળવવો. જૈન બાળકોએ તેમજ બાળિકાઓએ કોઈપણ નઠારાં આચરણવાળાં બાળકોની સોબત કદાપિ કરવી નહિ. જ્યારે ભૂખ તૃષા લાગે ત્યારેજ, ભાવે એટલીજ, ખપતી વસ્તુજ ખાવી પીવી, પણ પરાણે અક્રાન્તીયા થઇને ખૂબ પેટ ભરી ખાવું પીવું નહિ. જેથી ઉલટા હેરાન થવું પડે એવું કંઇપણ ઉતાવળા થઇને કરવું નહિ; માબાપની સુખદાયક આજ્ઞા સદાય માથે ચઢાવવી. માબાપની આજ્ઞા કદાપિ પણ લોપવી નહિ. ચીડીયા કે રીસાળ થવું નહિ. ખુશ મીજાજમાં રહી માબાપનું મન પ્રસન્ન રાખવું, એજ રીતે વિનય-નમ્રતા દાખવીને આપણા વિદ્યાગુરૂનું મન પણ પ્રસન્ન કરવું. નવકારમંત્રના જાપથી દુઃખ દૂર થાય છે અને અરિહંત દેવને તથા આપણા ધર્મ-ગુરૂને ભાવથી નમન-પૂજન કરવાથી પાપ નાશ પામે છે, પુન્ય વધે છે, બુદ્ધિ સુધરે છે, શ્રદ્ધા નિર્મળ થાય છે અને આપણામાં બહુ સારૂં ડહાપણ આવે છે. તેથી વર્તન પણ ઉંચું થવા પામે છે. એ રીતે ઉત્તમ સંગતિ-સમાગમથી અનેકાનેક લાભ સંપજે છે. એ આદિ સઘળી હિતકારી બાબતો શિક્ષકે બાળકોને બહુ સ્પષ્ટ રીતે સમજાવવી જોઇએ, અને બાળકોનો અભ્યાસ તેમની ભવિષ્યની જીંદગીમાં તેમને પોતાને તથા તેમના અનેક સંબંધીઓને બહુજ ઉપયોગી નીવડે એવી ઉત્તમ કેળવણી આપવા ભારે ચીવટ રાખવી જોઇએ. ઇતિશમ્. **સન્મિત્ર કર્પૂરવિજયજી.**

## "મુબારક હો"

**રાગ—ગઝલ; કવાલી.**

નવીન આ વર્ષની આબાદીમાં દિલદાર મુબારક હો!
ખરે દિલદાર મુબારક હો! નવિન દિલદાર મુબારક હો! નવીન૦
ગુણીજન સુજ્ઞ પંડિત જ્ઞાની, જન છે ધૈર્ય ધારક જે;
એવા દિલદાર મુબારક હો! રૂડા દિલદાર મુબારક હો! નવીન૦
એવા સન્મિત્ર લાયક જે, કષ્ટ હરનાર મુબારક હો!
નવીન કાર્યે નવીન વર્ષે, નવા દિલદાર મુબારક હો! નવીન૦
મહાવીર જે કરે છે તે, રૂડું માની મુબારક હો!
મુબારક હો! મુબારક હો! મુબારક હો! મુબારક હો! નવીન૦

**ગુલાબચંદ મુળચંદ બાવિશી.** (ચુડાનિવાસી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આવશ્યક ક્રિયાનું ઉચ્ચ રહસ્ય.

( મળેલું. )

દેહાદિમાં અહં મમત્વ બુદ્ધિવાળા આત્માઓ પ્રત્યેક પળે શરીર, મન અને વાણીના વ્યાપારોવડે અનેક પ્રકારનાં કર્મબંધનો કરી ભારે થાય છે. ન્હાના પ્રકારની સંસારવૃદ્ધિ કરનારી ક્રિયાઓમાં તન્મયપણે જોડાય છે. જગતના પ્રાણીઓ સાથે વૈર વિરોધ ઉત્પન્ન કરે છે અને વધારે છે. પરિગ્રહની પ્રાપ્તિ, વૃદ્ધિ અને સંરક્ષણ અર્થે અનેક પ્રકારના સાવદ્ય વ્યાપારો આદરે છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, ધન, વૈભવ અને યશ કીર્તિ માટે રાત્રી દિવસ નહીં આચરવાના કૃત્યો આચરે છે. અને ઘણે ભાગે આર્ત અને રૌદ્ર ધ્યાનમાં ધ્યાનમસ્ત યોગીઓની જેમ પોતાનો ઘણો કાળ કાઢે છે. આમ કર્મવૃદ્ધિ કરનારી ક્રિયાઓના અતિ સેવનથી આત્મા મલીન થતો જાય છે. અને પોતાની ઉચ્ચ અને ઉજ્વળ થવાને યોગ્ય સ્થિતિનું અંતર વધારતો જાય છે.

સત્પુરૂષોએ સ્વાનુભવથી અને પૂર્ણ જ્ઞાનથી, આત્માના ઉપરોક્ત દોષો અને મલીનતા ટાળવાને અને વિશુદ્ધ થવાને યોગ્ય ઉપાયો સત્ શાસ્ત્રોમાં જણાવ્યા છે. તેને યથાવિધ આચરવામાં આવે તો તે તે ઉપાયો ખરેખર અમોઘ થઈ પડે તેમ છે. **ષડાવશ્યક–પ્રતિક્રમણની** ક્રિયા એ આત્મ વિશુદ્ધિનો સરસમાં સરસ અને સરળ ઉપાય છે. એ ક્રિયા શ્રાવકો અને સાધુઓને હમેશ સવાર સાંજ પોતપોતાના અધિકાર પ્રમાણે શિષ્ઠ પુરૂષોએ બતાવેલ ક્રમ અને વિધિ પ્રમાણે, આદર, ઉપયોગ, સ્થિરતા અને શ્રદ્ધા સહિત કરવાની છે. પ્રતિક્રમણમાં આવતા સૂત્રો, અને અધિકારોના અર્થ ભાવ અને હેતુને લક્ષમાં રાખવાના છે. આચાર્યશ્રી સંઘ અને પોતાના આત્માની સાક્ષીએ પોતાના દુષ્ટ કૃત્યોનો શુદ્ધ અને સાત્વિક અંતઃકરણથી પશ્ચાત્તાપ કરવાનો છે. થયેલ દુષ્કૃત્યોનું પ્રાયશ્ચિત્ત અને ફરીથી તે તે દુષ્કૃત્યો તે તે અધ્યવસાયે નહીં કરવાનો દ્રઢ સંકલ્પ કરવાનો છે. પ્રતિક્રમણના ક્ષમાદાન અને ક્ષમાયાચનાના મૂળ સિદ્ધાન્તને—પોતાની ભૂલોની વકીલાત કે ખ્યાલ કર્યા વિના અમલમાં મૂકવાનો છે. થયેલાં વૈર વિરોધને હમેશને માટે જાણે થયાંજ નથી એમ ભૂલી જવાના છે. અને એકંદરે આત્માપર ચઢેલા દોષોના પડોને એક પછી એક એમ અનુક્રમે શુદ્ધ અંતઃકરણથી "મિચ્છામી દુક્કડમ્" દેતાં ઉખેડીને ફેંકી દેવાના છે. આ સઘળા વિષયોના યોગ્ય વિધાનો પ્રતિક્રમણની ક્રિયામાં આવે છે. તેથી પ્રતિક્રમણની ક્રિયા આવા ઉચ્ચ આશય અને ઉચ્ચ લક્ષ્યને ધ્યાનમાં રાખીને તથાવિધ રીતે કરવામાં આવે તો આત્મા કર્મભારથી અવશ્ય હળવો થતો જાય છે, મલીનતા ટાળી વિશુદ્ધ બનતો જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને તેથી ઘણી નિર્જરા અને થોડો બંધ થાય છે; ફરીથી આત્મમલીનતા કરનારી ક્રિયાઓથી પાછો પગ રહે છે. એમ અનુક્રમે આત્મા પરમપદનો-અચળ સુખનો અધિકારી બને છે.

આજ કાલ કેટલાએક મુમુક્ષુઓ, અને ધર્મની ખરી શ્રદ્ધાવાળા સમજદાર મનુષ્યોને બાદ કરતાં શ્રાવક શ્રાવિકાઓનો મ્હોટો ભાગ આવી ઉચ્ચ હેતુથી યોજાયેલી પ્રતિક્રમણની ક્રિયાને માત્ર કુળધર્મના ચાલ્યા આવતા રીવાજ પ્રમાણે, ગતાનુગતિકપણે ક્રિયા હેતુ, અર્થ, ભાવ, અને પરિણામ સમજ્યા વિના કે સમજવાના ખપી થયા વિના કર્યે જાય છે. અને પ્રતિક્રમણના સૂત્રોને બતાવેલા ક્રમપ્રમાણે ફોનોગ્રાફની માફક કે પોપટજીની માફક ફક્ત મોઢેથીજ બોલી જાય છે. અને જેમ થોડા ટાઇમમાં આ આવી પડેલી ફરજથી મુક્ત થવાય તેમ ક્રિયાનું કામ ઝપાટાબંધ સમેટી લઇ કરેલી ક્રિયાને સાર્થક માની સંતોષ પામે છે. પોતાના મ્હોટા દોષો કે જેને પ્રકટ કરવાથી સમાજમાં પોતાની નિંદા થાય તેમ હોય તેવા દોષોને છુપાવી, સભાસમક્ષ ગુરૂ મહારાજ પાસે ન્હાના ન્હાના કે નજીવા દોષો માટે આલોચના પ્રાયશ્ચિત્ત લઇ પોતાને ધન્ય કૃતાર્થ ગણે છે અને ગણાવે છે. જે જે દોષો માટે પ્રાયશ્ચિત્ત લીધું હોય કે પ્રતિક્રમણ કરી મિચ્છાદુક્કડ આપ્યા હોય તે તે દોષોને ફરી ફરીને બળવત્તર અધ્યવસાયે સેવે છે. અને દોષોની શુદ્ધિ માટેજ પ્રતિક્રમણ કર્યું છે તે ન વિચારતાં વારંવાર એ દોષોથી લેશ પણ પાછી પાની કરતા નથી. અને ઉલટા પ્રતિદિન વધુ અને વધુ દોષો સેવતા રહે છે. પ્રતિક્રમણની ક્રિયા કરતાં જે સૂત્રો બોલવામાં કે સાંભળવામાં આવે છે તેમાંથી એક પણ શબ્દ ભાગ્યેજ અંતઃકરણના ઉંડાણ સુધી સ્પર્શ કરે છે. આત્મા કોણ? દેહ કોણ? કર્મ શું? કર્મને આવવાનાં કારણો કે ક્રિયાઓ કઈ? દેહ, કર્મ અને આત્માનો સંબંધ કેવો છે? પ્રતિક્રમણના કયા કયા અધિકારો અને કઇ કઈ ક્રિયાથી આત્માના કયા કયા દોષો ટળે છે? એ વિગેરે બાબતોમાંથી એક પણ બાબતનું લેશ પણ જાણપણું ભાગ્યેજ હોય છે. અથવા તો એના જાણપણા માટે સદ્ગુરૂ કે શાસ્ત્રજ્ઞ પુરૂષો પાસે ભાગ્યેજ તે વિષયની પ્રશ્નપરંપરા કરવામાં આવે છે. આથી પ્રતિક્રમણ ક્રિયાના ખરા લાભથી તેઓ ઘણે ભાગે બેનશીબ રહે છે. જે ક્રિયાથી અપરિમિત લાભ થવો જોઇએ, પરમ શાંતિ અને વિશુદ્ધતા થવી જોઇએ, તેને બદલે તે ક્રિયા નામમાત્ર ફળને પ્રકટાવી શકે છે. એ એ ક્રિયાની ખામી કે ક્રિયાના ક્રમની ખામી નહીં પણ એ ક્રિયાને અગડંબગડં કરી જનાર અધિકારીનીજ ખામી છે. પ્રતિક્રમણની ક્રિયા અને તેના આશય જાતે ઉત્તમ છતાં સાધનારની અજ્ઞાનતાથી એ ક્રિયા ક્રિયાના ખરા અર્થને સિદ્ધ ન કરે એ સ્વાભાવિક છે. દુનિયાના દરેક મત, પંથ, સંપ્રદાય કે ધર્મમાં માત્ર ગતાનુગતિક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે વર્તનારી અને ક્રિયાના મર્મને નહીં જાણનારી પ્રજા ઘણી હોય છે. અને પોતપોતાના સાંપ્રદાયિક શાસ્ત્રો અને તેના વિધાનો તરફ અંધ આગ્રહ અને બીજાના શાસ્ત્રો અને વિધિ માટે તિરસ્કાર પણ તેવાઓનેજ વધારે હોય છે.

દીર્ઘકાળના દેહાધ્યાસી આત્માથી પહેલીજ વખતે યથાર્થ રીતે આવશ્યકાદિ ક્રિયાઓ બને એ પ્રાયે અશક્ય છે. પણ અનુક્રમે તે તે ક્રિયાના અધિકારો અને મર્મો જાણીને તથાવિધ પદ્ધતિથી ક્રિયાઓ કરવાનો અભ્યાસ પાડવામાં આવે, અને વારંવાર દોષોથી પાછા હટવાનું અને નવા દોષો પ્રબળ કારણ વિના નહીં સેવવાનું લક્ષ્યમાં રાખવામાં આવે તો તે તે ક્રિયાઓ સહજ સિદ્ધ જેવી થઈ જાય છે. ક્રિયાની સિદ્ધિમાં સાધ્ય કે સાધન, સાધ્ય અને હેતુઓને સમ્યક્ પ્રકારે જાણીને લક્ષ્યમાં રાખવા જોઈએ. જેમ જેમ સાધ્યને લક્ષ્યમાં રાખી, યોગ્ય સાધનોવડે સાધવામાં આવે છે; તેમ તેમ સાધ્યની સિદ્ધિ જલ્દીથી થાય છે. પોતાથી યથાર્થ રીતે ધર્મક્રિયા ન થતી હોય અથવા તો ક્રિયામાં ઉપયોગ શૂન્યતા, મંદઆદર, ચપળતા કે પ્રમાદ વિગેરે દોષો સેવાતા હોય, ક્રિયા અને તેના હેતુઓ વિગેરેનું જાણપણું ન હોય; વિગેરે વિગેરે એવાજ બીજા કારણોથી ધર્મક્રિયાઓ નહીંજ કરવી જોઈએ એવો આગ્રહ કરનાર મનુષ્ય ક્રિયાના ખરા લાભથી સદાને માટે વંચિત રહે છે. "તરતા આવડ્યા પછીજ પાણીમાં પગ મૂકવો" એવી પ્રતિજ્ઞા કરનાર મૂર્ખ મનુષ્યને જેમ કદી પણ તરતા આવડતું નથી; તેમ "ક્રિયાની યથાર્થ સિદ્ધિ કે યથાર્થ જ્ઞાન થયા પછીજ ક્રિયા કરવી" એવો દુરાગ્રહ કરનાર મનુષ્યને તે ક્રિયાના ઉત્તમ લાભો કદી પણ મળતાજ નથી. શરૂઆતનો એકડો વાંકો ચુકોજ હોય છે, શરૂઆતમાં કોપી લખનાર વિદ્યાર્થીઓ લખતાં લખતાં કોપીમાં અનેક ડાઘાડુઘી પાડે છે, ચાલતા શીખનાર બાળક શરૂઆતમાં દશ વીશ પછાડ ખાય છે, તેમજ શરૂઆતની ક્રિયામાં પણ એવાજ પ્રકારની ખામીઓ આવવા અવશ્ય સંભવ છે. પણ જેનો એકડો વાંકો થતો હતો તેજ વિદ્યાર્થી અભ્યાસ પાડતાં લેખનકળામાં પહેલે નંબરે આવે છે. અને ચાલતાં પડી જનાર છોકરાઓ ચાલવાનો અભ્યાસ પાડતાં મ્હોટી ફલંગો મારતા અને દોડતા થાય છે; તેમ ક્રિયાનો તથાવિધ રીતે અભ્યાસ પાડતાં, ક્રિયારૂચિ વધારતાં, અર્થ ભાવની પર્યેષણા કરતાં, મર્મ જાણવાનો ઉદ્યમ કરતાં, વખત જતાં ક્રિયાઓ પણ અવશ્ય પૂર્ણ ફળ પ્રકટાવનારી નિવડે છે. માટે ભૂલ થાય છે, કે અવિધિ થાય છે, તેથી ક્રિયા નજ કરવી એવો ખ્યાલ રાખવા કરતાં ભૂલ થાય છે તે જાણીને સુધારવી અને અવિધિ થતી હોય તો વિધિના જાણ પુરૂષો પાસેથી વિધિને જાણીને તેનો યથોચિત આદર કરતા રહેવું એ વધારે યોગ્ય છે. માત્ર સંપ્રદાય મોહથી, કે સમાજમાં ધર્મિષ્ઠની પંક્તિમાં ગણાવાના લોભથી, કે આ લોક અને પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકમાં પૌદ્ગલિક સુખના સાધનોની પ્રાપ્તિની અભિલાષાથી ધર્મક્રિયાઓ કરવા કરતાં કેવળ નિષ્કામ ભાવે-કલ્પિત સુખ સાધનોની આશા તૃષ્ણાવિના માત્ર આત્માને નિર્બંધ અને નિર્મળ કરવાને ખાતરજ ધર્મની ક્રિયાઓ આચરવી એ વધારે યોગ્ય છે.

ઘરમાં સ્ત્રીઓ અને દુકાનમાં પુરૂષો સવાર થતાંજ રાત્રિમાં ભરાયલા કચરાને-ધૂળને ચારે બાજુથી ઝાડી ઝપટીને સાફ કરી નાંખે છે; તેમજ દિવસમાં ભરાયલા કચરાને સાંજે વાળીને સાફ કરી નાંખે છે; તેજ રીતિ સત્પુરૂષોએ-અતિશય જ્ઞાની મહાત્માઓએ આત્માને સ્વચ્છ રાખવા માટે-મલીન થતો અટકાવવા માટે પ્રાણીમાત્રના શ્રેયને અર્થે આવશ્યક ક્રિયા ક્રિયાપણે દર્શાવી છે. આ આત્મા કાર્મણ શરીરરૂપ ઘરમાં રહે છે. તે ઘરમાં પણ કર્મરૂપ કચરાપટ્ટીને આવવાનાં આશ્રવદ્વારો ખુલ્લાં હોય છે, તેથી તેમાં વારંવાર કર્મરૂપ કચરો ભરાય છે. રાત્રિને વિષે મન, વાણી અને શરીરના કુવ્યાપારોવડે એટલે કરવા યોગ્યને નહીં કરવાવડે-તેમજ નહીં કરવા યોગ્યને કરવાવડે આત્માના દરેક પ્રદેશપર કાર્મણ શરીરરૂપ ઘરમાં જે જે કર્મરજ લાગી હોય અને આત્મમલીનતા થઈ હોય તેને માટે પ્રાતઃકાળેજ પ્રતિક્રમણની ઝાડીઝપટીને સાફ કરવાની ક્રિયા સાધુઓ અને શ્રાવકોએ પોતપોતના અધિકાર પ્રમાણે કરવાની છે. આ રાત્રિએ લાગેલા દોષો ટાળવાની ક્રિયા હોવાથી તેનું શાસ્ત્રકારોએ "રાઈ પ્રતિક્રમણ" એવું અર્થસાધક નામ આપ્યું છે. એવીજ રીતે દિવસના ભાગમાં ભરાયલા કચરાને સાંજે સાફ કરવાની ક્રિયાનું નામ "દેવસી પ્રતિક્રમણ" રાખેલું છે. પખ્ખી અને ચોમાસી પ્રતિક્રમણ પણ એવીજ રીતે અનુક્રમે પંદર દિવસના અને ચાર માસના એકઠા થયેલા કર્મકચરાને સાફ કરવા માટે યોજાયેલાં છે. જ્યારે દિવાળીના દિવસો આવે છે ત્યારે દરેક વ્યવહાર કુશળ મનુષ્યો પોતપોતાના મકાનને સર્વ બાજુથી અને દરેકે દરેક ખૂણા તપાસી બારીકીથી અને વિશેષ કાળજીથી સાફ કરી નાંખે છે અને મકાનને અનેક પ્રકારના હવાસુધારક અને શોભિતા જણાય તેવા રંગ રોગાનથી શોભાવે છે અને ઘરની ભીંતોમાં કે ભોંયતળીયામાં પડેલા ખાડાઓને સારી રીતે પૂરીને સઘળું નવા જેવું બનાવી દે છે; તેમજ આત્મકલ્યાણના અર્થી અને ધર્મકુશળ પુરૂષો શ્રી સર્વજ્ઞની આજ્ઞા અનુસારે પોતાના આત્માને રહેવાના ઘરમાં એક વર્ષ દિવસમાં ભરાયલા કર્મરૂપ કચરાને જ્યારે પર્યુષણપર્વ આવે છે ત્યારે આત્માના દરેકે દરેક પ્રદેશ ઉપરથી નિકળી શકે તેવી રીતે સાંવત્સરી પ્રતિક્રમણની ક્રિયાદ્વારા દૂર કરવા યથોચિત પ્રયત્ન કરે છે. પોતે જાણ્યે અજાણ્યે સેવેલા દોષોને બરાબર યાદ કરીને આત્મસાક્ષીએ અને સદ્ગુરૂ તેમજ શ્રી સંઘ સમક્ષ, પોતાના દોષો માટે શુદ્ધ ભાવથી પશ્ચાતાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને સરળ ભાવે માફીની લેવડ દેવડ કરીને તેનો મિચ્છાદુક્કડ આપે છે. વર્ષ દિવસના ભરાયલા કચરાને વાળી ઝુડીને આત્માને સ્વચ્છ બનાવવા અર્થેજ ભાદરવા શુદી ૪ ના રોજ સંવત્સરી પ્રતિક્રમણ કરવાની સહેતુક આજ્ઞા જ્ઞાનીઓએ કરેલી છે. તે પર્વમાં આત્મમલીનતા ટાળવાને જેમ સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું છે, તેમજ અનેક પ્રકારની બીજી શ્રી સર્વજ્ઞપ્રણિત ધર્મક્રિયાઓ કરીને આત્માને પુષ્ટ બનાવવાનો છે. અને ભવિષ્યને માટે જેમ દોષાચરણ ઓછું થાય તેવા પ્રત્યાખ્યાન સાથે દ્રઢ સંકલ્પો કરવાના છે. તેમજ ગીતાર્થ સદ્‌ગુરૂ અને સમાજ સમક્ષ પોતાથી થયેલા દોષોને સરળ અને સ્પષ્ટ રીતે જાહેર કરી, આલોચણા–પ્રાયશ્ચિત લેવાનું છે અને તે લીધેલા પ્રાયશ્ચિત પ્રમાણે કરી આપી ફરી તેવાજ દોષ ન સેવાય તેને માટે બહુજ સાવચેત રહેવાનું છે.

આ સાડાત્રણ હાથના હાડચામના દેહને રહેવાના ઘરમાં સ્વચ્છતા માટે બહુ વિવેક રાખવામાં આવે છે. તે ઘરમાં કુતરા, બિલાડા, સુવર, સાપ, નોળીયા વિગેરે નુકશાનકારક પ્રાણીઓ ન પેસી જાય અને પેસી ગયા હોય તો તેમાં સદાનો નિવાસ કરીને ન રહે તેને માટે બહુજ સાવચેતી રાખવામાં આવે છે. ઘરની અંદર અભડાવી મારનાર ઢેઢ, ભંગી, ચમાર કે એવાજ બીજા મલીનારંભીઓને પેસવા જતાં અટકાવવામાં આવે છે. અને ઘરમાં વિષ્ટા, મળ, મૂત્ર અને એવીજ બીજી દુર્ગંધીને ન રાખવા માટે અને ઘરને લીંપી ગુંપી, ધોળીને સ્વચ્છ રાખવાને માટે દરેક પ્રયત્ન કરવામાં આવે છે. જ્યારે હાડચર્મના દેહને રહેવાના ઘર માટે રાત્રિ દિવસ ચોખ્ખાઇની કાળજી અને પ્રયત્ન રખાય છે, ત્યારે આશ્ચર્ય છે કે ખુદ માલીક, કર્ત્તાહર્ત્તા, દેહના રાજા આત્મદેવને રહેવાના ઘરમાં ગમે તેટલા ભૂતડાઓ ગમે ત્યારે આવીને ભરાઇ બેસે, ગમે તેવા વ્હેમો, ગમે તેવાં ક્રોધ, માન, માયા, લોભાદિ ચંડાળો ગમે ત્યારે ગમે ત્યાં આવીને પોતાનું રહેઠાણ જમાવી દે, ગમે તેટલી મોહમાયારૂપ વિષ્ટા, અને વિષયવાસનારૂપ દુર્ગંધીના પર્વત જેવડા ઉકરડારૂપ ઢગલે ઢગલા ઠેકાણે ઠેકાણે જમા થયા કરે તેને માટે તે ઘરના માલીકને–આત્મદેવને કશી જ ચિંતા નહીં, કશીજ કાળજી નહીં, કે કશોજ પ્રયત્ન નહીં તે ઘરને ઘર કહેવું કે દુનિયાની દુર્ગંધીનો અને અપવિત્રતાનો ઢગલો કહેવો એ દરેક સહેલાઇથી સમજી શકે તેમ છે. પાંચે ઇન્દ્રિયો, મન, વાણી, અને દેહના બધા દરવાજાઓ એ ભુતડાંઓને પેસી જવાને સદાને માટે ખુલ્લાં છે–કોઇપણ દરવાજે અટકાયત કરનાર કોઇ પહેરેગીર નથી. આમ હોવાથીજ " દિવા નથી દરબારમાં, છે અંધારૂં ઘોર " એવી દશા થઇ રહે છે. આ સ્થિતિમાંથી આત્મદેવને જાગૃત કરવાને, વિશુદ્ધ કરવાને, સ્વચ્છતાના નિયમોનું પાલન કરતા રહેવા માટે, પોતાના શકિત–સામર્થ્યને ઉપયોગમાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા બનાવવા માટે, અને પોતે જાતે છે તેવો મૂળ સ્થિતિવાળો થવાને માટે સત્પુરૂષોએ હમેશ સવાર, સાંજ, પંદર દિવસે, ચાર માસે અને બાર માસે પ્રતિક્રમણની ક્રિયા કરતા રહેવાનું ફરમાવ્યું છે. મેં કયાં ભૂલ કરી? મ્હારામાં કયો દોષ પેસી ગયો? કયા દોષનો મેં પક્ષપાત કર્યો? કરવા યોગ્ય શું મેં નથી કર્યું? આજે હું કેટલો ભારે થયો? આજે હું કોનો નિષ્કારણ વૈરી થયો? મ્હારામાં વિભાવદશા કેટલી વધી? મ્હારામાં કઈ કઇ જાતના કેટલા પટો પડ્યા? એ વિગેરે બાબતો સ્વાસ્થ્યપૂર્વક વિચારીને જાણવાને અને જાણીને હેયોપાદેયનો વિવક વિચારી દોષોનો પશ્ચાતાપ અને ફરીથી તે નહીં આચરવાનો દૃઢ સંકલ્પ કરવા માટેજ પ્રતિક્રમણ કરવાનું છે. પ્રતિક્રમણમાં જે જે અધિકારો આવે છે તે સઘળાનો સાર, નિચોળ કે ઉદ્દેશ આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિકરણ, શુદ્ધાલંબન, અને સ્વધર્મે સ્થિતિકરણ એજ છે. રોજ રોજ પ્રતિક્રમણ કરીને એજ કરવાનું છે. આ હેતુ સફળ થાય તો ક્રિયાનો પુરૂષાર્થ સફળ છે. લક્ષ્યને લક્ષ્ય બહાર રાખીને સેંકડો વર્ષ સુધી ક્રિયા કરવામાં આવે તો આંખો મીંચીને નિશાન પાડવા જેવો પ્રયત્ન થાય છે. રોજ ને રોજ–એમ વર્ષો સુધી પતિક્રમણની ક્રિયા કરવામાં આવે અને એ ક્રિયા કરવાની ટેવ પડી જાય, પણ જો વિષય, કષાય, અને મોહાદિ દોષોથી રજ પણ પાછો ન હઠે અને ઉલટાં વધુ અને વધુ દોષો સેવે, વધુ અને વધુ કર્મરજથી ખરડાયા કરે, વધુ અને વધુ વેર વિરોધ કરતો રહે, ક્રિયાનો ઉદ્દેશ અભરાઇપર મૂકી રાખે અને "**એ ભગવાન એના એ**" રહે તો "**ઘાંચીનો બેલ સો કોશ ફરે તોપણ ઘેરનો ઘેર**" રહે અને '**આંધળી દળે અને કૂતરો ચાટે**' એ કહેવતો અનુસાર પરિણામ આવે.

ક્રિયા કરવામાં ગઇ કાલ કરતાં આજે કાંઇ વધારે શુદ્ધિ અવશ્ય થવીજ જોઇએ; અને આજ કરતાં આવતી કાલની ક્રિયા પ્રસંગે એથી પણ વધુ નિર્મળતા થવી જોઇએ. એમ થાય તોજ હેતુ સફળ થાય છે. નહીંતર એટલો વખત દુનિયાના બીજા કલેશોમાંથી શરીર અને વાણીના વ્યાપારને રોકાય એટલોજ લાભ થાય છે. મન તો ગમે તે ક્રિયા કરતાં ચપળ હોવાથી ફાવે ત્યાં જાય છે. અને કાંઈ કાંઈ ઉથલપાથલ કરી મૂકે છે. શરૂઆતથી તે સેંકડો વર્ષો સુધી ક્રિયા કરતા રહેવા છતાં "એ ભગવાન એના એ" રહે તો તેવા પ્રકારની ક્રિયા, ક્રિયાના ખરા લાભને શી રીતે પ્રકટાવી શકે?

કોઈ સ્ત્રી કે પુરૂષ ઘરમાં કે દુકાનમાં ભરાયલા કચરાને કાઢવા માટે હાથમાં સાવરણી લઇ "હું કચરો કાઢું છું, કચરો નિકળે છે, ઘર સાફ થાય છે, ચારે બાજુથી ઝાડી કાઢું છું" વિગેરે વિગેરે સૂત્રો મોઢેથી વારંવાર બોલ્યા કરે અને હાથમાંની સાવરણીને જમીન સાથે જરા પણ અડકાડે નહીં પણ જમીનથી ઉંચીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉંચીજ રાખ્યા કરે અને કચરો સાફ કરવા માટે હાથ, સાવરણી કે શરીરના કોઇ પણ ભાગનો જોઇએ તેવો જરા પણ ઉપયોગ ન કરે–એવી રીતે મકાન સાફ કરવાની મૂર્ખાઈભરેલી ક્રિયા કદાચ સેંકડો વર્ષો પર્યન્ત કરવામાં આવે અને માત્ર મોઢેથી કચરો કાઢું છું એમ બોલ્યા કરે તો તેથી શું તે ઘર કે દુકાન કદી પણ સાફ થઈ શકે કે ઉલટાં હમેશાના વધતા જતા કચરાથી વધારે ને વધારે અસ્વચ્છ થતા રહે? એનો જવાબ સાદી સમજવાળાઓ પણ જલ્દીથી આપી શકે તેમ છે કે એ રીતે એ ઘર કે દુકાન સાફ થાય જ નહીં. તેમજ આત્માને કર્મકચરાથી સ્વચ્છ કરવા માટે, રોજ સવાર સાંજ પ્રતિક્રમણ ક્રિયા કરતાં દરેક દોષો માટે વારંવાર મોઢેથી "મિચ્છામિદુક્કડમ્" બોલવામાં આવે, વારંવાર માફી માગવાના અને માફી આપવાના, દોષોથી પાછા ઓસરવાના માગધી ભાષાના સૂત્રો માત્ર મોઢેથી બોલ્યા કરવામાં આવે તેમજ આલોચના કરવાના, દોષોની નિંદા કે પશ્ચાતાપ કરવાના સૂત્રોને ફકત મોઢેથી વારંવાર બોલ્યા કરવામાં આવે અને એમ રોજ રોજ બોલવા છતાં કોઇ દિવસ પણ દોષોથી રજમાત્ર પણ આત્મા એ સંસારવૃદ્ધિ કરનારી અને આત્માને મલિન કરનારી ક્રિયાઓથી પાછો ન હઠે અને ઉલટો વધુ અને વધુ એ દિશામાં આગળજ વધ્યા કરે તો તે આત્મા કર્મભારથી ક્યારે હળવો થઈ શકે? એ પ્રશ્નનો સહેલોજ ઉત્તર છે કે એ પ્રયત્ન રેતીમાંથી તેલ કાઢવા જેવો નિષ્ફળ-પ્રાય નિવડે છે. અર્થાત્ સાધ્ય સાધવાનું રહી જાય છે; અને મુઠી વાળીને કે આંખો મીંચીને ચકરાવામાં દોડવા જેવું થવાથી હોય ત્યાં ને ત્યાંજ રહે છે, અગર હોય તેથી પાછા પણ હઠે છે. પણ એટલું તો નિર્વિવાદ સિદ્ધ છે કે સત્-ક્રિયાનો અભ્યાસ અત્યારે કદાચ શુષ્ક પરિણામવાળો જણાય, પણ વખત જતાં એ પણ સફળ થાય. નહીં કરનાર કરતાં કરનાર હજાર દરજ્જે સારો છે; કર-નારમાં અનુકૂળ પ્રસંગ પ્રાપ્ત થતાં સહેજે અભિમુખતા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે. ત્યારે નહીં કરનાર ગળીયા બળદ જેવો રહી કદી પણ યોગ્યતા મેળવી શકતો નથી. ક્રિયા કરનાર પોતે કદાચ ન્યૂનાધિક લાભ મેળવનારો થાય છે. પણ તે અનેક આત્માઓને સત્ક્રિયાના અનુમોદન કરાવવાના કારણભૂત તો અવશ્ય થાય છેજ. એ દિશાજ સારી છે, ભલે આંખો મીંચીને દોડાય કે લક્ષ્ય વિના દોડાય, દોડતાં દોડતાં કદાચ આંખ ઉઘડી જશે અથવા સદ્ગુરૂનો જોગ મળી જઈ ખરી દિશા અને ખરૂં સ્વરૂપ હાથ લાગી જશે તો પહેલાંનો સઘળો પુરૂષાર્થ સફળ થશે. પણ જે કદી એવી ક્રિયા સન્મુખજ થતો નથી, તે કરીને ક્યારે ઠેકાણે આવશે ? તેનો તો નિર્ણય પણ કયાંથી થઈ શકે. જાણ્યે અજાણ્યે ખાધેલી સાકર ગળી તો લાગે છેજ અને જાણ્યે કે અજાણ્યે ખાધેલી ઠોકર પણ દુઃખ તો ઉપજાવે છેજ, તેમ ઉપયોગ યુક્ત કે ઉપયોગ વિના પણ ધર્મક્રિયાનું આરાધન કે પરમપુરૂષના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનોનો શુષ્ક ઉચ્ચાર પણ કાંઇને કાંઈ લાભ કરનાર અવશ્ય થાય છેજ. મંત્રના અર્થ જાણ્યા વિના જેમ તથાવિધ મંત્ર સાધના કરનારને મંત્ર ફળીભૂત–કાર્ય-સાધક થાય છે: તેમ અર્થ જાણ્યા વિનાના પણ પરમ પુરૂષોના વચનો મંત્રની જેમ જરૂર અસરકારક તો થાય છેજ. ત્યારે એ દિશામાં પ્રયાણ કરવાથી એકં-દરે ખોવાનું કશું નથી, પણ કાંઇને કાંઈ પ્રાપ્ત થવાનું છે એતો નિઃસંશય છે. આથી એમ સમજવાનું નથી કે જેમ કરતા હોઇયે તેમ કર્યે જવું, પણ જેમ બને તેમ લક્ષ્યને જાણીને તેને ધ્યાનમાં રાખીનેજ ક્રિયા કરવાનો અભ્યાસ પાડ-વાના ખપી થવું. હાલના જમાનાના સુધરેલા અને કેળવાયલા ગણાતા મનુષ્યો-માંથી કેટલાકને પ્રતિક્રમણ જેવી ક્રિયા કરવા તરફ રૂચિ કે પ્રવૃત્તિ હોતી નથી. અને કદાચ કોઇ વખત પ્રતિક્રમણાદિ ક્રિયા કરે છે તો જગતના દફતરે નામ નોંધાવવાને ખાતર, કે સમાજના સર્કલમાં રહી શકવાને ખાતર વેઠની જેમ કરે છે. તેના કારણો પૈકી કેટલાક નિચે પ્રમાણેના પણ છે.

૧. એકતો તેમને બાલ્યકાળથી તેમની યોગ્યતા અને અધિકાર પારખીને ધર્મના મૂળ તત્ત્વો અને નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ, અર્થ અને આશય સાથે અને કાર્યસાધક થાય તેવા રૂપમાં ફરજીયાત શીખવવામાં આવતી નથી. તેમજ બાલ્યકાળથી ઘરના વડીલો પોતાની સાથે રાખી એવી ક્રિયાઓ કરાવવા તરફ અને ક્રિયા કદાચ કરાવે તો તે સાથે તેને રસ પડે એવી સમજ પા-ડવા તરફ ધ્યાન આપતા નથી. ( સમજણ કયાંથી પાડે, માવતરો પોતેજ સમજતા ન હોય, તે પોતાના બાળકને શી રીતે સમજાવી શકે ? ) અને તેથી એવી ક્રિયાઓ કરવાનો અભ્યાસ નહીં પડવાથી, તેવી ક્રિયાઓ કરવા તરફ બરાબર ધ્યાન અપાતું નથી.

૨ બીજું એ કે હાલના જમાનામાં વિલાસીપણું અને સુખશીળતા વધતી જતી હોવાથી એવી ક્રિયામાં વખત રોકવાનું બોજારૂપ જણાય છે.

૩ ત્રીજું એ કે એક અરબસ્તાનના આરબને જેમ ચીનદેશની ચાઈના ભાષાના ભાષણમાં કાંઇપણ રસ કે સમજ પડતી નથી તેમ અર્થ, ભાવ, હેતુ વિગેરે જાણ્યાવિના, ચાલતી ભાષાથી અત્યંત જુદી ભાષાવાળા સૂત્રો બોલી જવા-માં કે સાંભળી જવામાં સમજણના અભાવે રસ કે ભાવ આવતો નથી. અને શું બોલ્યા કે શું સાંભળ્યું અને તેનો હાર્દ શું ? એ ભેંશ આગળ ભાગ-વત જેવું થાય છે. તેથી તેમાં શુષ્કતા લાગે છે. અને પ્રતિક્રમણ જેવી ઉચ્ચ આશયવાળી ક્રિયાતરફ પણ જોઇએ તેવો આદર થતો નથી. ( તેથીજ પ્રતિક્રમણાદિ સૂત્રોના અર્થ અને ભાવ જાણવાની અત્યંત આવશ્યકતા છે. )

૪ ચોથું એ કે જેઓ હમેશ સવાર સાંજ પ્રતિક્રમણ કરનારા અને દોષો માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારંવાર મિચ્છામિદુક્કડમ્ દેનારા અને આલોચણા પણ લેનારા છે તેઓ-માંના કેટલાકને વિરોધ વધારનારા, અતિશય ક્રોધી, અતિશય દંભી, અતિ-શય નિંદાખોર કે અનીતિ અને જુઠાણા તરફ અતિ પ્રીતિવાળા જુએ છે. તેથી એ પાનોની કિંમત ઓછી આંકવાને બદલે, ઉત્તમ ક્રિયાઓ કરવા છતાં તેમનામાં ઉત્તમતા ન આવેલી ન જણાયાથી તે ક્રિયાની કિંમત ઓછી આંકે છે. આથી એ ક્રિયાઓ કરવા ભણી ઓછું લક્ષ્ય રહે છે.

૫ પાંચમું એ કે આ જમાનામાં તર્ક વિતર્કની જાળો વધતી જાય છે. અને અનેક પ્રશ્નોની ભરતીથી મગજ ઉભરાઈ જાય છે. ઠામ ઠામ શંકાઓ ઉદ્ભવે છે અને સદ્ગુરૂ પાસે તેનું સમાધાન મેળવવા જતાં--હૃદય ખુલ્લું કરતાં મ્હારામાટે શું અભિપ્રાય બંધાશે ? સાંભળનારાઓ નાસ્તિક કે મિથ્યાત્વી કહેશે વિગેરે વિગેરે ભયથી શંકાના ધુમાડાને અંદરને અંદર ભરી રાખવામાં આવે છે. તેથી તે મગજો શંકાના ધુમાડાથી કાળા જેવા થઈ જાય છે, અને સમા-ધાન થયા વિના એવી ક્રિયાઓ તરફ રૂચિ થતી નથી. આ અને એવાજ બીજા ક્રિયા કરવામાં અંતરાય કરનારા અનેક કારણો જીવને આવશ્યક જેવી ઉચ્ચત્તમ ક્રીયા કરતાં અટકાવી રાખે છે. અને જૈનના ક્ષમાદાન અને ક્ષમા-યાચનાના પરમ ખૂબીદાર અને અત્યંત ઉપકારક સિદ્ધાન્તથી બેનસીબ રાખે છે.

પોતે બીજા પ્રત્યે અણગમતા, અણઘટતા કે દોષભરેલા કરેલ આચ-રણ બદલ બીજાની પાસેથી નમ્ર થઈને શુદ્ધ અને નિર્દંભ અંતઃકરણથી હર હમેશ માફી માગવાના અને બીજાએ પોતાના તરફ કરેલા દોષો માટે બીજાને માગ્યે કે વગર માગ્યે, તન, મન અને વચનથી-નિખાલસ દીલથી માફી આપ-વાના જૈન ધર્મના ઉચ્ચતર સિદ્ધાન્તની બરોબરી કરનારો કોઈ પણ સિદ્ધાન્ત પૃથ્વીપરના કોઈ પણ ધર્મમાંથી ભાગ્યેજ મળી આવે તેમ છે. બીજાના દોષો બદલ માફી આપતાં પોતાનામાં કેટલી બધી સહનશીલતા અને ઉદારતા વધે છે? અને પોતાના દોષો બદલ બીજા પાસે માફી માંગતાં કેટલાં નમ્ર, નિરભિમાની અને પાપભીરૂ થવાય છે ? અને જગતમાં એવા નરરત્નોથી કેટલી સુલેહ શાંતિ જળવાઈ રહી જગત સ્વર્ગ જેવું થઈ રહે છે ? તેનો ખ્યાલ નિષ્પક્ષપાતી અને સત્ય પ્રેમી સજ્જનોને સહેજે થઈ શકે તેમ છે.

જગતના મ્હોટા ભાગનું વલણ દેહાધ્યાસની અતિ પ્રવૃત્તિ તરફ અધિક અને અધિક વળતું જાય છે અને આત્મકલ્યાણની આવશ્યક ક્રિયાઓ અને કાર્યો માલ વિનાના અને જરૂર વિનાના મનાતા જાય છે. અવશ્ય કરવા યોગ્ય રહી જાય છે અને નહીં કરવા યોગ્ય આવશ્યક ગણાય છે. દુનિયાના ડાહ્યાઓ ધર્મની બાબતમાં કેવળ મૂર્ખ જેવા હોય છે. અને દુનિયાની પ્રજા દુનિયામાં ડાહ્યા ગણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાઓનું અનુકરણ કરનારી ઘણે ભાગે હોય છે. આવી પ્રજાની બહોળતાથી ધર્મ અને તેના સિદ્ધાન્તો ગમે તેટલા ઉચ્ચતમ હોય છતાં, અને તે ધર્મ તથા તેના સિદ્ધાન્તો જગતમાં સર્વોપરી પદને યોગ્ય થઈ શકે તેવાં હોવા છતાં એવા મંદાધિકારીઓના હાથમાં એ ધર્મ હોવાથી તે ધર્મ ત્રિભુવનવ્યાપી થવાને બદલે જગતના એક ન્હાના સરખા ભાગના ન્હાના સરખા કુંડાળામાંજ માત્ર સંકડાઈને જેવી તેવી સ્થિતિમાં રહી જાય છે. આથી ઉચ્ચ ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તો અને આવશ્યક જેવી ઉત્તમ ક્રિયાઓના હેતુઓ અને મર્મો જોઈએ તેટલાં અજવાળામાં આવી શકતા નથી અને પ્રજાનો મ્હોટો ભાગ તેનો છૂટથી લાભ લઈ શકતો નથી.

સત્પુરૂષોના ફરમાનો પ્રમાણે વર્તવામાં કે ચાલી આવતી ધાર્મિક ક્રિયાઓમાં ખરો પ્રેમ, ખરી સમજણ, અને ખરી શ્રદ્ધાથી પ્રવૃત્તિ કરવામાં સાધકને પોતાની યોગ્યતાની ખામીથી અનેક વિઘ્નો આડે આવે છે. જીવનનિર્વાહની ધમાલમાંથી થોડો પણ અવકાશ મેળવી પૂર્વ પુરૂષોના ફરમાનો અને તેમની રહેણીકરણી પર સ્વાસ્થ્ય અને સ્થિરતાપૂર્વક થોડો પણ વિચાર કરવામાં આવે અને તદનુસાર અનુક્રમે વર્તવાનો નિશ્ચય કરવામાં આવે તો અવળું ચાલતું ચક્ર સવળું ચાલવા માંડે અને સત્પુરૂષોના કૃપાપૂર્ણ પ્રયત્નો સફળ થાય.

પ્રતિક્રમણ ક્રિયા માટેના "**આવશ્યક સૂત્ર**" નામના જૈન આગમ ઉપર પૂર્વના મહાન્ સમર્થ મહર્ષિઓએ હજારો અને લાખો શ્લોક પ્રમાણના સંખ્યાબન્ધ ગ્રન્થો થનારી પ્રજાના હિતને માટે બનાવી રાખ્યા છે. એ પણ આવશ્યક ક્રિયાની (પ્રતિક્રમણ ક્રિયાની) આવશ્યકતા માટે પ્રબળ અને અચૂક પૂરાવો છે.

બીજી કેટલીક ક્રિયાઓ જ્યારે ફળ આપવામાં કદાચ વાયદો કે ઉધારો કરે છે ત્યારે પ્રતિક્રમણની ક્રિયાને યથાવિધ કરવામાં આવે તો તે રોકડે રોકડો લાભ આપે છે. બીજાએ આપણા પ્રત્યે કરેલી ભૂલની આપણા તરફથી માફી આપવાથી હૃદયનો જ્વલંત ક્રોધાગ્નિ તુરતજ ઓલાઈ જાય છે, અને આપણી ભૂલની બીજા પાસે માફી માગવાથી હૃદયમાં કંટક પેઠે સાલતું સાલ નિકળી જઈ હૃદય નિઃશલ્ય–નિષ્કંટક થઈ જાય છે. આથી આત્મા શાંત, સ્વસ્થ અને અનુક્રમે સ્થાયી સુખનો ભોક્તા બને છે. એજ તેનો રોકડે રોકડો લાભ છે. હૃદયસંતાપ જેવું કોઈ દુઃખ નથી અને હૃદયશાંતિ જેવું કોઈ સુખ નથી. માફીની લેવડ દેવડથી સંતાપ નષ્ટ થાય છે. અને શાંતિની પ્રાપ્તિ થાય છે. એજ એ ક્રિયાની ઉત્તમત્તાનો પ્રત્યક્ષ પૂરાવો છે. તેમ છતાં સમ્યગ્ જ્ઞાનના અભાવે, સત્સંગની યોગ્ય જોગવાઈ વિના, આત્માના ચારિત્રાવરણીય કર્મની બહોળતાથી અને દેહાધ્યાસ તથા પ્રમાદવશથી આત્મા આવી આદરણીય અને પ્રત્યક્ષ લાભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાર્યા ક્રિયા સન્મુખ થઈ શકતા નથી. અમે પણ જગતના એવાજ જીવોની પંક્તિમાંના છીએ છતાં આ બાલ્યુલણી અમારો પ્રયત્ન પણ અમારા અને અમારી પંક્તિના બીજા જીવોના હિતને અર્થેજ છે, અને તેથીજ આ લેખ લખવામાં આવ્યો છે. આશા છે કે ભવભીરૂ મનુષ્યો એનો લાભ લઇ આવશ્યક જેવી ઉત્તમ ક્રિયા સન્મુખ થઇ અમારા પ્રયત્નને સફળ કરશે. તથાસ્તુ.

# श्री जैनश्वेतांबर कोन्फरन्सनुं नवमुं अधिवेशन.

## ( પ્રમુખના ભાષણનું અવલોકન વિગેરે. )

શ્રી બીકાનેર સ્ટેટમાં આવેલા સુજાનગઢ નામના શહેરમાં આપણી શ્રી જૈન કોન્ફરન્સનું નવમું અધિવેશન મહાશુદ ૧૧-૧૨-૧૩ ને રોજ થયું હતું. તે સંબંધી પ્રાથમિક હકીકત અમે અમારા ગયા વર્ષના ૧૧ મા અંકના મુખપૃષ્ઠની પછવાડેના ભાગમાં આપી ગયા છીએ; અને પસાર થયેલા ઠરાવો વિગેરે અંક ૧૨ માં આપી ગયા છીએ; એ સંબંધી વિશેષ હકીકત રજુ કરવાની અમે અમારી ફરજ સમજીએ છીએ. અમારો મત શરૂઆતથી એવો છે કે કોન્ફરન્સ જેવા મંડળની આપણી કોમને વર્તમાનકાળમાં બહુજ જરૂર છે. આપણા સર્વ બંધુઓ એકઠા થઇ કોમ અને ધર્મની અભિવૃદ્ધિના વિચારો પર વિવેચન કરે, યોજનાઓ કરે અને તે અમલમાં મૂકવાના માર્ગો બતાવે તે વાત અનીષ્ટ છે એમ માનનાર વિચારશીળ વ્યક્તિ ભાગ્યેજ હોઇ શકે એમ અમને લાગે છે. અને તેથીજ આ કોન્ફરન્સમાં થયેલ કાર્યપર વિચારણા કરવાની અમને ખાસ જરૂર લાગે છે. એમ કરવાનું બીજું એ પણ કારણ છે કે કેટલાંક અવનવા પ્રસંગોને લઈને કોન્ફરન્સનું અધિવેશન થવામાં વિઘ્નો આવ્યાં કરતાં હતાં, તેથી તે વિઘ્નોને પરાસ્ત કરી તેને પાછી ઉદયમાં લાવવાની જરૂર હતી. તે નિદ્રાવશ થયેલ મંડળને ફરીવાર જાગૃત થતું જોઈ જૈનકોમની ઉન્નતિ ઇચ્છનાર સર્વને આનંદ ઉત્પન્ન થાય તેમાં આશ્ચર્ય નથી. આ માસિક કોન્ફરન્સને ઉત્થાન આપવામાં અગ્રગણ્ય સ્થાન ભોગવે છે, તેના પ્રચારને અંગે વારંવાર વિચારો બતાવે છે અને તેની અભિવૃદ્ધિ માટે યોજનાઓ જૂદા જૂદા આકારમાં રજુ કર્યા કરે છે. તેથી એ કોન્ફરન્સ દેવીને જાગૃત થતી જોઇ પોતાને થયેલો અત્યંત હર્ષ બતાવતાં આ છેલ્લા અધિવેશનને અંગે હાલ કેટલો પરામર્શ કરીને, આગળ ઉપર તેને માટેની વિશેષ વિચારણા કરવાના પ્રસંગો પણ જરૂર હાથ ધરવામાં આવશે.

સુજાનગઢ બીકાનેર સ્ટેટનું એક શહેર છે. ત્યાં વસ્તી લગભગ બાર હજાર માણસની છે. દોઢસો ઘર ઓસવાળ જ્ઞાતિના છે. તે સઘળા થોડા વરસ પહેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્તિપૂજક હતા. એ બાજુએ સાધુનો વિહાર ન હોવાથી હાલ સર્વ તેરાપંથી થઈ ગયા છે. તેરાપંથી મૂર્તિને માનતા નથી અને દાન આપવામાં પાપ સમજે છે. દાન ન આપવું એટલે ધર્મમાર્ગમાં ધન ન ખર્ચવું એવો તેમનો મત છે. તેઓ એમ માને છે કે પંચ મહાવ્રતધારીનેજ દાન આપવું ઉચિત છે, અન્યને નહિ. ધન ન ખરચવાનો ઉપદેશ થાય તે સામાન્ય રીતે સર્વને પ્રિય લાગે છે, અને તેવી વાતને લોકો બહુ રાજી થઈને અંગીકાર કરે છે. એ એક મનુષ્યના અધોગમન સ્વભાવનું લક્ષણ છે. આ ઉપરાંત તેઓ જીવને મારવામાં પાપ ગણે છે. તેને બચાવવામાં પુણ્ય માનતા નથી, પણ તેનાં ભવિષ્યનાં પાપના નિમિત્ત તરીકે બચાવનારને ગણી તેમાં પાપ સમજે છે. આવી જાતનો તેરાપંથીના નામથી ઓળખાતો માર્ગ બીકાનેર સ્ટેટમાં અને મારવાડના બીજા ભાગોમાં ઘણો પ્રસર્યો છે. યોગ્ય પ્રયત્ન, સારા ઉપદેશકોદ્વારા થાય તો તેમાં ઘણી જાતનો સુધારો થઈ શકે તેવું એ ક્ષેત્ર છે. વળી ત્યાં ઓસવાળ કોમમાં એટલા બધા ધનવાનો છે કે અનેક સારી સંસ્થાઓ ખુલી શકે. બીકાનેર પ્રાંતના લોકો વ્યાપાર માટે મુખ્યત્વે કરીને કલકત્તે જાય છે, કલકત્તાનો જુટનો મોટો વ્યાપાર તેઓના હાથમાં છે અને તેઓ બહુ સારી રીતે વ્યાપારમાં આગળ વધેલા છે. આ ઉપરાંત મુંબઈ, કરાંચી આદિ મુખ્ય વ્યાપારના સ્થળોએ પણ તેઓની પેઢીઓ છે. ત્યાંના ઓશવાળોમાં ધનસંચય એટલો મોટો છે કે તેનો ખ્યાલ આપવા જતાં પણ અતિશયોક્તિ લાગે તેવું છે. નાના નાના ગામડામાં પણ જૈનો લક્ષાધિપતિ છે. એક **લાડનુ** જેવા નાના ગામડામાં પાંચ કરોડાધિપતિ છે. બીકાનેરમાં પંદરસો ઓશવાળના ઘર છે, તેમાં ત્રણશે ઉપર લક્ષાધિપતિ છે અને દશ પંદર લાખની પુંજી થાય ત્યારેજ ત્યાં લક્ષાધિપતિ કહેવાય છે. આવા ક્ષેત્રમાં કોન્ફરન્સના ઘણા મેળાવડા થવાની જરૂર છે, તેઓને ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવવામાં આવે તો બહુ લાભ થાય તેમ છે અને તેઓ સમજી શકે તેવા સરલ સ્વભાવના છે.

શેઠ પનેચંદ સંઘી સુજાનગઢના એક ધનાઢ્ય પ્રતિષ્ઠિત શહેરી છે. તેઓને કલકત્તામાં જુટનો મોટા પાયા ઉપર વ્યાપાર છે. તેઓને એક ભવ્ય દેરાસર કરાવવાનો સંકલ્પ ઘણા વરસથી થયો હતો. દેરાસર માટે તેઓએ ૫૪૦૦૦ ચોરસ વાર જગા લીધી છે. દેરાસરમાં અતિ સુંદર મીણાકારી કામ બનાવ્યું છે. દેરાસરની બાજુમાં બે સુંદર બંગલાઓ તથા બીજી ઉતરવાની જગાઓ બાંધી છે. આગળ અઢી દ્વીપની સુંદર રચના કરવાની છે. દેરાસરની ભવ્યતાનો ખ્યાલ જોયા વગર આવવો મુશ્કેલ છે. એ દેરાસરની પ્રતિષ્ઠા મહા શુદ ૧૩ ને દિવસે નિર્ણિત થતાં સદરહુ શેઠશ્રીના મનમાં મી. ગુલાબચંદજી ઢઢ્ઢા આદિની પ્રેરણાથી કોન્ફરન્સને આહ્વાન કરવાની ઇચ્છા થઈ અને તત્સંબંધમાં હેડ ઓફિસની સંમતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્તા મહા શુદ ૧૧-૧૨-૧૩ ને રોજ કોન્ફરન્સના અધિવેશનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું. આ વખતના મેળાવડામાં જે શીઘ્રતાથી કાર્ય બજાવવામાં આવ્યું છે તેને માટે તેના કાર્યવાહકોને અને કોન્ફરન્સની હેડઓફિસને અમે અભિનંદન આપવાની આ તક લઈએ છીએ.

કોન્ફરન્સના આ અધિવેશનના મેળાવડામાં જુદા જુદા દેશના ૧૨૦૦ ગૃહસ્થોએ બહુ ઉત્સાહથી ભાગ લીધો હતો. કોન્ફરન્સ માટે એક વિશાળ સમીયાણો દેરાસરની બાજુના વિશાળ ચોગાનમાં નાંખવામાં આવ્યો હતો. મોટા ગૃહસ્થોના છોકરાઓ વોલંટીયર્સ તરીકે કામ બજાવતાં હતાં; અને આ વખતના મેળાવડામાં ખાસ નોંધી લેવાલાયક બીના એ હતી કે મેળાવડાનું કાર્ય બરાબર સમજવા માટે લગભગ બસેં સ્ત્રીઓ દરરોજ હાજર રહેતી હતી. મારવાડ જેવા દેશમાં જ્યાં પરદાનો રિવાજ વધારે પ્રચલિત છે ત્યાં આ બનાવ ખાસ નોંધ લેવા લાયક ગણી શકાય.

પ્રથમ દિવસના કાર્યક્રમમાં આગાઉના નિયમ પ્રમાણે રીસેપ્શન કમીટિના પ્રમુખે આવકાર આપનારૂં ભાષણ આપ્યું હતું, જેમાં વિચારશીળ તત્ત્વ બહુ હતું. તેઓએ અંતઃકરણના ઉમળકાથી કોન્ફરન્સને વધાવી લીધી હતી અને એવા મેળાવડાથી થતાં લાભોપર ખાસ ધ્યાન ખેંચ્યું હતું. યોગ્ય રીતે દરખાસ્તો મૂકાયા પછી આ વખતના મેળાવડાના પ્રમુખ સાહેબ **શેઠ મોતીલાલ મુળજી** પોતાનું ભાષણ વાંચવા ઉભા થતાં તેમને ભારે તાળીઓના અવાજથી વધાવી લેવામાં આવ્યા હતા. તેઓના ભાષણમાં કોન્ફરન્સના ક્ષેત્રનો અવકાશ કેટલો છે અને કોન્ફરન્સે પોતાનું કાર્યક્ષેત્ર હાલ કેટલું રાખવું ઉચિત છે તેનો બહુ સારી રીતે ખ્યાલ આપ્યો છે. તેઓએ જે વિચારો બતાવ્યા છે તેની સાથે અમે સંપૂર્ણ મળતાપણું બતાવીએ છીએ.

એમનું આખું ભાષણ અતિ ઉપયોગી અને ખાસ મનન કરવા લાયક છે. તેમણે પોતાના ભાષણમાં જે જુદા જુદા મુદ્દાઓ ચર્ચ્યા છે તે ખાસ લક્ષ ખેંચવા લાયક છે. તેમનું ઉપયોગી ભાષણ આ માસિકમાં આખું આપવાની અમારી ઇચ્છા હતી, પણ અન્ય પેપરોમાં તે પ્રકટ થઈ ગયેલ હોવાથી તેવી જરૂરીઆત નહિ જણાવાથી તેમાંથી સારરૂપે થોડું અત્રે આપવામાં આવ્યું છે. તેમના ભાષણમાં ખાસ બે મુદ્દા ચર્ચવામાં આવ્યા છે. **કોન્ફરન્સની જરૂરીઆત** અને **કેળવણી.** જે બે મુદ્દા જૈનકોમને હાલ ખાસ વિચારવાના પ્રશ્નોરૂપે છે તેને આખા ભાષણમાં ખાસ અગત્યતા આપવામાં આવી છે. શરૂઆતમાં શિષ્ટાચાર મુજબ ઉપકાર પ્રદર્શિત કર્યા પછી કોન્ફરન્સનો શરૂઆતનો ઇતિહાસ આપતાં તેમણે તેની જરૂરીઆત દેખાડી છે. જે જુદાં જુદાં કાર્યો કોમને કરવાનાં છે તેમાં કોન્ફર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્સની કેટલી જરૂરીઆત છે, તે બહુ સારી રીતે તેમાં બતાવવામાં આવ્યું છે. પ્રમુખે કોન્ફરન્સની જરૂરીઆત દર્શાવતાં કહ્યું છે કે—

" દેશકાળની પરિસ્થિતિ બદલાએલી છે, તેને પહોંચી વળવા માટે સમુચ્ચયે એકત્ર થઇ વિચારણા કરવાની જરૂર છે. અને એકત્ર સંમેલનમાં વર્તમાનકાળે મળી લોકવિચાર સમજવાની અને લોક પ્રનાલિકામાં ફેરફાર કરવાની બહુ જરૂર છે. " વળી આગળ વધતાં તેમણે કહ્યું છે કે " આપણાં તત્ત્વો વર્તમાન તર્ક વિચારણાને પહોંચી વળે તેવા અને સર્વ દૃષ્ટિબિંદુ લક્ષ્યમાં રાખીને લખાએલાં છે, આપણે અનેક મંદિરો–તીર્થો જાળવી રાખી આપણો વારસો કાયમ રાખવાનો છે, આપણે વિદ્વાનોને પણ વિચારમાં નાખે એવા અનેક સંખ્યાબંધ પુસ્તકોનો ઉદ્ધાર કરવાનો છે, આપણી કોમની વ્યક્તિઓ કેળવણી લઇ આપણી પૂર્વની જાહોજલાલીને યોગ્ય સ્થાન મેળવે તેને માટે પ્રયત્ન કરવાનો છે, આપણા દિન સ્થિતિમાં રહેલા બંધુઓને ઉદ્યમે ચઢાવવાના છે, આપણે અહિંસા પરમો ધર્મનો ઝુંડો આખા દેશ વિદેશમાં ફરકાવવાનો છે, આપણે શ્રી મહાવીરના સંદેશાઓ જગતને કહેવાના છે, વિગેરે વિગેરે અનેક કાર્યો કરવાનાં છે, અને તે કાર્યો કેવી રીતે કરવાં તે માટે એક દિશા અંકિત કરવાની છે. "

આ આખા વાકયમાં કોન્ફરન્સની જરૂરીઆત–કોમને અંગે કરવાનાં કાર્યનો સરવાળો સર્વ સમાઇ જાય છે, અને આવાં કાર્યો સમૂહબળ વગર એકલાથી થઇ શકે તેમ ન હોવાથી કોન્ફરન્સ ભરવાની કેટલી અગત્યતા છે તેનો સહજ ખ્યાલ આવી શકે તેમ છે. કોઇ કોઈ વખત કોન્ફરન્સ ઉપર જે ખોટા આક્ષેપો કરવામાં આવે છે, તેનો બહુ સારો પ્રત્યુત્તર પ્રમુખે તેમના ભાષણમાં આપ્યો છે. તે સત્ય કહે છે કેઃ–

" મને લાગે છે કે જે કવચિત્ ટીકા થતી જોવામાં આવે છે, તે કાંઇક ફળની અધીરતા બતાવે છે, કાંઇક કોન્ફરન્સના કાર્યોની ગેરમાહિતી સૂચવે છે, અને કાંઇક પૂરા અભ્યાસની ગેરહાજરી બતાવે છે. લગભગ કોમને લગતા પ્રત્યેક સવાલો કેવા દૃષ્ટિબિંદુથી ચર્ચવા જોઇએ અને કઇ કઇ હકીકતો તેને અંગે ધ્યાનમાં રાખવી જોઇએ એ બાબતમાં કોન્ફરન્સે દિગ્દર્શન કરી બતાવ્યું છે. "

કોન્ફરન્સને અંગે પોતાના ભાષણની શરૂઆતમાં પોતાનાં ઉત્તમ અને માર્ગ-સૂચક વિચારો દર્શાવી આગળ વધતાં જૈનકોમમાં સંપની કેટલી જરૂરીઆત છે તે ઉપર ટુંકું પણ બહુ સુંદર અને ખાસ ધ્યાન ખેંચવા લાયક વિવેચન તેમણે કર્યું છે. કેટલાક બીનજવાબદાર માણસો કોમને પોતાનો સ્વાર્થ સાધવા–પોતાની પ્રતિષ્ઠા સાચવવા કેવા કુસંપમાં ઘસડી જાય છે તેનું સારૂં દિગ્દર્શન સ્પષ્ટ શબ્દોમાં કહી બતાવ્યું છે. વિદ્વાન્ પ્રમુખ કહે છે કેઃ—

" ખોટી પ્રતિષ્ઠા ખાટી જવાની લાલચવાળા ટુંકી દૃષ્ટિથી કોમને કોઇ વખત અર્થ વગરનાં ઝગડામાં ઘસડી સમૂહબળને છિન્નભિન્ન કરી નાખે છે, તેને તાબે ન થવા મારી નમ્ર વિજ્ઞપ્તિ છે. " વળી " બીન જવાબદાર માણસો તેમજ દીર્ઘ દૃષ્ટિ વગરના મારા કોમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્ન થયા હતા. આ હકીકત ઉપરથી સારા કેળવાએલ ઉપદેશકો કેટલું સારૂં કામ કરી શકે એ લક્ષમાં લેવા યોગ્ય છે. આપણા પવિત્ર સાધુઓને સંયમ ધર્મ પાળવાનો હોવાથી તેઓ જ્યાં ત્યાં છુટથી વીચરી શકે નહિ એ સ્વાભાવિક છે, પરંતુ આપણે જો યોગ્ય ઉપદેશકો સારી સંખ્યામાં ધરાવીએ તો તેઓ બહુ સારૂં કામ કરી શકે એમ લાગે છે. અન્ય કોમનો ઇતિહાસ જોતાં આ કામમાં સારી રીતે શિક્ષિત થએલા ઉપદેશકોની જરૂર અમને બહુ લાગે છે અને તે કામ જરૂર હાથ ધરવા યોગ્ય છે. જૈનોની વસ્તી વધારવા માટે, સત્ય સિદ્ધાંતના પ્રચાર માટે અને કોમની જાહોજલાલી જાળવી રાખવા માટે જે પ્રબળ પ્રયાસ કરવાની જરૂર છે તેમાં ઉપદેશકો મોટો ભાગ ભજવી શકે એમ સર્વના મનમાં ઠસાવવાની જરૂર છે.

આ વખતના અધિવેશનમાં શેઠ મોતીલાલ મુળજીએ બે હજાર રૂપિયા કેળવણી ખાતામાં અને પાંચશે રૂપિયા કોન્ફરન્સ નિભાવ ફંડમાં આપી સારી ઉદારતા બતાવી છે. સર્વથી વધારે નોંધવા જેવો બનાવ કોન્ફરન્સના અધિવેશન માટે ત્રણ ઉપરા ઉપરી આમંત્રણનો છે. મુંબઇ, ઓશીયા અને અંબાલા એવી રીતે અનુક્રમે ત્રણ આમંત્રણ મળ્યા છે, તે કોન્ફરન્સના જીવનને સુદૃઢ કરવા સારી ભૂમિકા ગણી છે. આખી કોમે એકત્ર થઇ આ સંસ્થાને ઉન્નત કરવાનો પ્રયાસ કરવાની જરૂર છે અને અમારા મુંબઇવાસી બંધુઓ હવે પછીના અધિવેશનમાં તેમ કરી કોમનો ઉપકાર વહોરી લેશે એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

# वर्तमान समाचार.

## ભાવનગર જૈન વિદ્યાશાળામાં ઇનામનો મેળાવડો.

ફાગણ શુદ ૯ મંગવારની રાત્રીએ શ્રાવિકાના ઉપાશ્રયમાં શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળાના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો મેળાવડો **રા. રા. મુરારજી આણંદજી** ટના મુખ્ય દીવાન સાહેબના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે પ્રેક્ષકોનો બહોળો ભાગ જૈનોનો હતો. તેની સંખ્યા સુમારે ૫૦૦ ઉપરાંત હતી. કેળવણી ખાતાના ઉપરી રા. રા. કાશિકરામભાઇ તથા નગરશેઠ પરભુદાસભાઇ વિગેરે પણ પધાર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ૭-૮ પ્રવેશો ઘણા અસરકારક ભજવી બતાવ્યા હતા. જે જોઇને પ્રેક્ષકોના ચિત્ત પ્રસન્ન થયા હતા. ત્યારબાદ સેક્રેટરી મી. કુંવરજી આણંદજીએ વિદ્યાશાળાની ઉત્પત્તિથી અત્યાર સુધીનો ટુંક હેવાલ પ્રદર્શિત કર્યો હતો. પ્રાંતે આજનું ઇનામ **શેઠ નરોત્તમદાસ ભાણજી**એ તેમના ભત્રીજા પ્રેમચંદના શુભ લગ્ન પ્રસંગે આપેલા રૂ. ૫૧) તથા **શા. ગીરધરલાલ આણંદજી**એ તેમના પુત્ર મનિલાલના લગ્ન પ્રસંગે આપેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂ. ૫૧) કુલ રૂ. ૧૦૨) નું મે. દીવાન સાહેબના હાથથી આપેલા અરજ કરી હતી. ત્યારબાદ પ્રમુખ સાહેબે પોતાના હાથથી પહેલા વર્ગના છોકરાઓને ઈનામ આપ્યા હતા. બાદ તેઓ સાહેબે વિદ્યાશાળાને લગતું ઘણું સુબોધક ભાષણ કરી કાર્ય સમાપ્ત કર્યું હતું. બાદ પાન ગુલાબ લઈ મેળાવડો બરખાસ્ત થયો હતો.

## ભાવનગર જૈનકન્યાશાળાનો ઉદ્દઘાટન સમારંભ.

શેઠ ત્રિભુવનદાસ ભાણજીએ ભાવનગરમાં થયેલા જૈન કોન્ફરન્સના અધિવેશન પ્રસંગે જે ઉદારતા બતાવી રૂ. ૨૦૦૦૦) ની રકમ જાહેર કરી હતી, તેના વ્યાજમાંથી અને કુ ખર્ચની નામદાર દરબારશ્રી તરફથી મળતી ગ્રાંટમાંથી આ જૈનકન્યાશાળાનું કામ બહુ સારી રીતે ચાલે છે. તેને માટે એક ઘણું સુશોભિત મકાન તેમના લઘુ બંધુ **નરોત્તમદાસે** હાલમાં બંધાવ્યું છે. તે મકાનને અંગે બીજી વીશ હજાર ઉપરાંત મોટી રકમ ખર્ચવામાં આવી છે. તે મકાન ખોલવાની ક્રિયા તા. ૧-૩-૧૫ ફાલ્ગુન શુદિ ૧૫ મે **નામદાર રાણીશ્રી નંદકુંવરબા સી. આઈ.** ના હાથથી કરવામાં આવી છે. આ પ્રસંગે મેળાવડો પણ ઘણા મોટા પાયા ઉપર કરવામાં આવ્યો હતો. નામદાર મહારાજા સાહેબ, તમામ અધિકારીઓ, શહેરના સંભાવિત ગૃહસ્થો અને જૈનકોમના આગેવાનો સર્વે પધાર્યા હતા. પ્રારંભમાં કન્યાઓએ માંગળિક પ્રસંગને સૂચવનારૂં ગાયન વિગેરે ગાયા પછી આ કન્યાશાળાને લગતી ટુંક હકીકત દર્શાવી મકાન ખોલવાની વિનંતિ ભાઈશ્રી નરોત્તમદાસે નામદાર રાણીસાહેબને કરી હતી. ત્યારબાદ ચાંદીનું તાળું ખોલી તેઓ નામદારે મકાન ખોલ્યાનું જાહેર કર્યું હતું.

આ કન્યાશાળાનું મકાન શહેરના દરવાજાના નાકા ઉપર ઘણું સુશોભિત થયેલું હોવાથી જૈનકોમને પણ ગર્વ કરવા જેવું થયું છે. કન્યાઓને અભ્યાસ કરવાની સગવડ વધી છે, નામદાર મહારાજા સાહેબની પ્રસન્નતા થઈ છે, જેથી આ જૈન કન્યાશાળા દિન પરદિન વધારે શ્રેષ્ઠ સ્થિતિએ પહોંચશે એવો સંભવ છે. અમે આ ઉત્તમ સંસ્થાના બીજ વાવનાર હોવાથી અમારૂં અંતઃકરણ વિશેષ પ્રફુલ્લિત થાય એ સ્વાભાવિક છે. અમે નિરંતર આ સંસ્થાનો અભ્યુદય ઈચ્છીએ છીએ.

## શ્રી ધ્રાંગધરાથી સિદ્ધાચળ આવેલો સંઘ.

શ્રી ધ્રાંગધરાથી **શા. હરજીવનદાસ જેશંગભાઈએ** રેલવે માર્ગે સ્પેશીયલ ટ્રેન જોડાવીને ફાગણ શુદિ ૧૦ મે શ્રી સિદ્ધાચળનો સંઘ કાઢ્યો હતો. તે સવારે આઠ વાગે ધ્રાંગધરાથી નીકળી સાંજે પાંચ વાગે પાલીતાણે પહોંચ્યો હતો. સંઘની અંદર સુમારે એક હજાર જૈન બંધુઓ અને બહેનો હતાં. પાલીતાણે પહોંચ્યા બાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પાંચ દિવસ સુધી સંઘવી તરફથી સંઘની ભક્તિ કરવામાં આવી હતી. સંઘવીએ તીર્થયાત્રાનો પરમોત્કૃષ્ટ લાભ લીધો, લેવરાવ્યો, તદુપરાંત સંઘવીને કરવા યોગ્ય રથયાત્રા, આંગી, પૂજા, સ્વામીવત્સળ વિગેરે તમામ કાર્યો કરીને છેવટે ચતુર્વિધ સંઘ સમક્ષ મુનિરાજશ્રી મોતીવિજયજી પાસે તીર્થમાળ પહેરી હતી. કાર્ય ઘણું ઉત્તમ કરવા સાથે ઉદારતા પણ સંઘવીએ સારી બતાવી છે. તેઓનો ઘણો નિવાસ જબલપુર ખાતે છે, ત્યાં મેળવેલ દ્રવ્યનો પૂર્વ પુણ્યના યોગે ઘણો સારો વિવેકપૂર્વક વ્યય કર્યો છે અને પુણ્યાનુબંધી પુણ્ય મેળવ્યું છે. વદ બીજે સંઘનો મોટો સમુદાય રેલવે રસ્તે જ માંગરોળ તરફ પાછો વિદાય થયો છે.

# श्री आगमोदय समिति.

જૈન સિદ્ધાંતોની પંચાંગીના પુસ્તકો (પ્રતો) શુદ્ધ ન મળવાથી તેના વ્યાખ્યાનાદિમાં ઘણી અગવડ આવે છે, તેમજ તેની વાંચના લેનારા સાધુઓને હરેકને શુદ્ધ પ્રતિ વાંચવા મળી શકતી નથી. તેથી તે અગવડ દૂર કરવા માટે તેમજ પંચાંગી સમેત સૂત્રોની સ્થિતિ દીર્ઘકાળપર્યંત શુદ્ધતાપૂર્વક ટકી રહે તેવા ઇરાદાથી તે કાર્યને માટે એક સંસ્થા ઉપર જણાવેલા નામની નિયત કરવામાં આવી છે. તે સંસ્થા તરફથી આગમના બોધવાળા મુનિરાજને જેમ બને તેમ વધારે સંખ્યામાં એક સ્થાને એકત્ર કરી આગમોને તેની ટીકા વિગેરેની પ્રતોની વાંચના ચલાવવામાં આવશે. અન્ય મુનિઓ તેમજ શ્રાવકો તેનો લાભ લઇ શકશે. એવી વાંચનાનું કામ એકથી વધારે સ્થાને પણ ચલાવવામાં આવશે. એ પ્રમાણેની વાંચનાથી શુદ્ધ થયેલ પ્રતો ઉપરથી પંડિતો પાસે પ્રેસ કૉપી કરાવવામાં આવશે અને ત્યાર બાદ તે પ્રેસ કૉપી વિદ્વાન્ મુનિરાજ ફરીને વાંચી જશે. ત્યારબાદ ઉંચા ને ટકાઉ કાગળ ઉપર તેને છપાવવામાં આવશે. નકલો ૫૦૦ જ છપાશે અને તે મોટા મોટા ભંડારોમાં તેમજ પ્રયાસમાં ભાગ લેનારા મુનિરાજને ભેટ આપવામાં આવશે. હાલમાં આ કાર્ય પરત્વે પ્રથમ ૧૧ અંગ, ૧૨ ઉપાંગ ને ૪ મૂળ સૂત્રનું કામ હાથ ધરવાનું ઠરાવ્યું છે. તેને માટે સહાય મેળવવાનું કાર્ય ભાઇશ્રી વેણીચંદ સુરચંદ વિગેરે તરફથી શરૂ કરવામાં આવ્યું છે. રકમ એકઠી થવા લાગી છે, ઉદાર દિલના મહાશયો પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવા લાગ્યા છે. આ કાર્યથી ઉત્તરોત્તર અનેક પ્રકારના લાભ થવાનો સંભવ છે. વાંચનાને સ્થાને રહેનારા અન્ય મુનિઓને ભણાવવાનો બંદોબસ્ત પણ આ સંસ્થા તરફથી થનાર છે. ચોમાસાના પ્રારંભમાં ને પ્રાંતમાં એકેક માસ મુનિવિહારનો ઠરાવવામાં આવ્યો છે. બાકીના દશ માસ કામ ચલાવવું ઠરાવ્યું છે. આ સંબંધની વિશેષ હકીકત હવે પછી પ્રગટ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવનગરમાં યાત્રાળુઓને ઉતરવાની સગવડ.

શહેર ભાવનગરમાં શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાનો લાભ લઈને ઘણા યાત્રાળુઓ ગોઘા તથા વરતેજની યાત્રાનો તેમજ ભાવનગરના જિનમંદિરોના દર્શનનો લાભ લેવા માટે આવે છે. તેમને ઉતરવા માટે પ્રથમ કેટલાક પ્રકારની અગવડ હતી પરંતુ હાલમાં ચાર જગ્યાએ ઉતરવાની સગવડ થયેલી છે.

૧ **સમવસરણના વંડાના** નામથી ઓળખાતું મકાન કે જે સ્ટેશનની નજીકમાં છે, ત્યાં પ્રથમ યાત્રાળુઓ મોટી સંખ્યામાં ઉતરતા હતા ત્યારબાદ તેમાં નાટકશાળા બંધાવાથી તેમાં ઉતરવાની સગવડ રહી નહોતી. હાલમાં તે મકાન તદ્દન ખુલ્લું કરવામાં આવ્યું છે અને યાત્રાળુ મોટી સંખ્યામાં ઉતરી શકે તેવી સગવડ થઈ છે.

૨ **ખુશાલવિજયની ધર્મશાળાના** નામથી ઓળખાતું મકાન કે જે ઘોઘાના દરવાજા પાસે આવેલું છે, તેમાં **જૈનકન્યાશાળા** થવાથી યાત્રાળુઓને ઉતરવાની સગવડ ઘટી હતી પરંતુ હવે જૈનકન્યાશાળા માટે ખાસ મકાન **શેઠ ત્રિભુવનદાસ ભાણજી** તરફથી બંધાયેલું હોવાથી થોડા વખતમાં કન્યાશાળા ત્યાં જવાની છે એટલે એ મકાનમાં પણ યાત્રાળુઓને ઉતરવાની સગવડ વધી છે.

૩ **દાદા સાહેબની ધર્મશાળા** કે જે શહેરથી ને સ્ટેશનથી જરા દૂર છે. પરંતુ તેમાં મહાન્ જિનમંદિર હોવાથી અને બીજી અનેક પ્રકારની સગવડ વિશેષ હોવાથી ત્યાં પણ યાત્રાળુ સારી સંખ્યામાં ઉતરી શકે તેમ છે.

૪ હાલમાં એક મકાનની વૃદ્ધિ થઈ છે, તે **વાગડીઆ અલેચંદ તથા મુળચંદ ગુલાબચંદ** તરફથી સ્ટેશન નજીક અને સમવસરણના વંડાની બાજુમાંજ ખરીદેલું એક મકાન છે. જે તેમના તરફથી યાત્રાળુઓ માટે ધર્મશાળા તરીકેજ અર્પણ કરવામાં આવ્યું છે, અને તેની અંદર કેટલાક બીજા મકાનો, રસોડાં વિગેરે બાંધીને યાત્રાળુઓને ઉતરવાની સગવડ વધારી છે. પાણી વિગેરે નજીક હોવાથી આ મકાન પણ ઉતરવા લાયક થયું છે. અલેચંદભાઈ ને મુળચંદભાઈએ મેળવેલા દ્રવ્યનો તેમની પાછળ આ પ્રકારે તેમનું નામ રાખીને સદુપયોગ કરવામાં આવ્યો છે. તેમના મોટા ભાઈ **વાલચંદ**ભાઈ હાલમાંજ પંચત્વ પામ્યા છે. તેમને માટે પણ તેમના પુત્ર **હીરાલાલ** સારી રકમનો વ્યય કરી તેમનું નામ કાયમ રહે તેવું સત્કાર્ય કરશે એવો ભરૂસો છે.

---

**નવાં જૈન પંચાંગ આ સાથે વહેંચવામાં આવ્યાં છે. તે આહકોએ સંભાળી લેવા. બીજા મંગાવનાર માટે કિંમત અરધો આનો. ટીકીટો મોકલીનેજ મંગાવવા. પોસ્ટેજ જુદું મોકલવું.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

૧ ( તૈયાર થવાથી તરતમાં બહાર પડનાર ગ્રંથો. )

૧ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૧ લો. સ્થંભ ૧ થી ૬.
( અમદાવાદનિવાસી શ્રાવિકા આધારબાઈના દ્રવ્યથી. )

૨ શ્રી અધ્યાત્મસાર ગ્રંથ. ટીકા સહિત.
( શા. ત્રિભુવનદાસ ભાણજીના દ્રવ્યથી. )

૩ શ્રી યોગશાસ્ત્ર મૂળ તથા ઉપદેશમાળા મૂળ.
( ઝવેરી માણેકચંદ ખેતશી વીરમગામવાળા તરફથી. )

૨ ( નીચેના ગ્રંથો છપાય છે. )

૪ શ્રી સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધ શતક. ટીકા સહીત.
(શા. મુળચંદ બાલાજી વિગેરે શ્રી કુડોદના ગૃહસ્થો તરફથી)

૫ શ્રી અધ્યાત્મસાર મૂળ તથા મૂળ ટીકાનો અર્થ.
( શા. ત્રિભુવનદાસ ભાણજી તરફથી. )

૬ શ્રી આનંદઘન પદ્યરત્નાવળી. ( ૫૦ પદોના વિવેચનયુક્ત ) સભાતરફથી.

૭ જૈનદૃષ્ટિએ યોગ. ( લેખક-મૌક્તિક ) સભા તરફથી.

૮ શ્રી કર્મપ્રકૃતિ. શ્રીયશોવિજયજી ઉપાધ્યાય કૃત ટીકાયુક્ત.
( શ્રી બુહારીવાળા શા. ભીખાભાઈ સોભાગચંદ તરફથી. )

૯ શ્રી શ્રીપાળ રાજાનો રાસ તેમાં રહેલા રહસ્ય સંયુક્ત. (ગુજરાતી)
( શ્રી મીયાંગામ નિવાસી શા. નેમચંદભાઈ પીતામ્બરદાસ તરફથી. )

૧૦ શ્રી જંબૂદ્વીપ સંગ્રહણી સટીક ( કું. આ. )

૩ ( તરતમાં છપાવવા શરૂ થશે. )

૧૧ શ્રી ઉપદેશ સપ્તતિકા ગ્રંથ. કથાઓ સહિત.
( શ્રી ઘોઘાનિવાસી ઝવેરી. ધરમચંદ મગનલાલ તરફથી. )

૧૨ શ્રી કર્મગ્રંથના યંત્રો તેની સમજણ વિગેરે સહિત. (શ્રાવિકા સમુદાય તરફથી)

૧૩ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮-૯ (આવૃત્તિ બીજી)

૪ ( નીચેના ગ્રંથો તૈયાર થાય છે. )

૧૪ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. સ્થંભ ૭ થી ૨૪. ( સભા )

૧૫ શ્રી ઉપમિતિભવપ્રપંચાનું આખું ભાષંતર. (સભા)

૧૬ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર. ( સભા )

૧૭ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( સભા )

૧૮ શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ. ( શ્રી શીહોરના સંઘ તરફથી ).

૧૯ શ્રી આરંભસિદ્ધિ વિગેરે જૈન જ્યોતિષના ગ્રંથો. ( ભાષાંતરયુક્ત. )

૨૦ શ્રી હીર સૌભાગ્ય કાવ્ય ભાષાંતર ( સભા તરફથી )
( વકીલ ડાહ્યાભાઇ પ્રેમચંદ ધંધુકાવાસીએ તૈયાર કરેલ છે તે. )

For Private And Personal Use Only